
# ખંભાળિયામાં રેંકડીધારક પાસેથી ખંડણી માંગીને ભય ફેલાવતા શખ્સ સામે ફરિયાદ : જામીન ઉપર છૂટીને આવેલા પાસાના આરોપીની અટકાયત


(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧

ખંભાળિયામાં રહેતા અને અગાઉ લૂંટના કેસના આરોપી એવા એક બાવાજી શખ્સ દ્વારા પાસામાંથી જામીન મેળવીને પરત આવ્યા બાદ એક રેંકડી ધારક સાથે ડખ્ખો કરી, ખંડણી માગતા આ શખ્સની પોલીસે અટકાયત કરી હતી. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયાની શ્રીજી સોસાયટી વિસ્તારમાં રહેતા અને રેંકડીમાં ફેરી કરીને ગુજરાન ચલાવતા શૈલેષભાઈ નાનજીભાઈ કછટીયા નામના ૪૩ વર્ષના યુવાન સાંજના સમયે અત્રે બેઠક રોડ ઉપર આવેલા નગરપાલિકા ગાર્ડન પાસે રેંકડી રાખી અને વેપાર કરતા હતા, ત્યારે આ માર્ગ ઉપરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક નીકળેલા અત્રે બસ સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા કૈલાશ ખીમનાથ બાવાજી નામના શખ્સે તેનું પ્લસર વાહન શૈલેષભાઈની રેંકડી સાથે ધડાકાભેર અથડાવ્યું હતું. આ પ્રકારે અકસ્માત થવાથી કોઈપણ વ્યક્તિનું મૃત્યું થઈ શકે છે તેમ જાણવા છતાં પણ કૈલાસ બાવાજી દ્વારા અકસ્માત સર્જી, તેની સાથે રહેલો લાકડાનો ધોકો કાઢી અને રેંકડીધારક શૈલેષભાઈ પાસે આવ્યો હતો. જ્યાં તેણે શૈલેષભાઈને બિભત્સ ગાળો કાઢી અને રેંકડી અહીં ન રાખવા માટે જણાવ્યું હતું. આ બાબતનો પ્રતિકાર કરતા શૈલેષભાઈ જણાવ્યું હતું કે, પોતે નગરપાલિકાને વેરો ભરી અને અહીં રેંકડી રાખીને વેપાર કરે છે. પરંતુ આરોપી કૈલાસ દ્વારા શૈલેષભાઈને રેંકડી રાખવા માટે રીતે ગેરકાયદેસર રીતે રોકડ રકમની માંગણી કરી હતી. જે અંગે શૈલેષભાઈએ ના કહેતા કૈલાશે શૈલેષભાઈને મારી નાખવાની ધમકી આપી, તેમની રેંકડીના ખાનામાં રહેલા વેપારના રૂપિયા એક હજાર જેટલી રોકડ રકમ બળજબરીપૂર્વક કાઢી લીધી હતી. આટલું જ નહીં, " હું આવતીકાલે પણ તારી પાસેથી રૂપિયા લેવા આવીશ. તારે અહીંયા વેપાર કરવો હોય તો મને રૂપિયા આપવા પડશે. બાકી અહીંયા રેંકડી રાખતો નહીં"- તેવી ધમકી આપી હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આમ, ભય ફેલાવી અને ગેરકાયદેસર રીતે પૈસાની માંગણી કરતાં ઉપરોક્ત શખ્સ સામે ખંભાળિયા પોલીસે આઈ.પી.સી. કલમ ૩૦૮, ૩૮૬, ૫૦૪, ૫૦૬ (૨), ૨૭૯ તથા જી.પી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, તેની અટકાયત કરી હતી. આ પ્રકરણમાં આગળની તપાસ અહીંના ઈન્ચાર્જ પી.આઈ. કે.એન. ઠાકરીયા દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી કૈલાશ ખીમનાથ બાવાજી દ્વારા અહીંના એક જાણીતા વેપારી યુવાન સાથે લૂંટ તથા ડખ્ખા સહિતના ગુનામાં પાસા હેઠળ જેલવાસ ભોગવીને તાજેતરમાં પરત આવ્યા બાદ પૂર્નઃ લખણ ઝળકાવતા પોલીસે તેની અટકાયત કરી હતી.

# દેશ તમારો તો તમે ભાગલા કેમ કર્યા ? : સ્વામી સદાનંદ સરસ્વતી


(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧

જમિયત-એ-ઉલમા-એ-હિંદના પ્રમુખ મસૂદ મદનીનું નિવેદન આપેલું છે કે, આ ભારત દેશ આપણો (એટલે કે સર્વધર્મનો અને મુસ્લિમોનો છે) છે. જેને આપણાથી તકલીફ હોય તેણે બીજે ક્યાંક જવું જોઈએ - તેનો જવાબ આપતા પૂજ્યપાદ જ્યોતિષપીઠ અને દ્વારકા શારદાપીઠના જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજના મુખ્ય શિષ્ય અને દ્વારકા શારદાપીઠના પ્રભારી સ્વામી સદાનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે, જો મસૂદ મદનીના કહેવા પ્રમાણે આ દેશ મુસલમાનોનો છે તો પછી મદનીને કહો કે તેણે પોતાના જ દેશના બે ટુકડા કેમ કર્યા ? દેશને તોડનારાઓ દેશને પોતાનો કહેતા કેમ સંકોચ કરતાં નથી ? સ્વામીજીએ વધુમાં કહ્યું કે, આ દેશ કોનો છે તેમાં કોઈ પ્રશ્ન નથી, આ દેશ નિઃશંકપણે તેનો છે જે આ દેશને સર્વોચ્ચ સન્માન આપે છે. મુસ્લિમો સાઉદી અરેબિયાને સર્વોપરી માને છે અને તેની તરફ મુખ રાખીને નમાઝ અદા કરે છે. પૂજ્ય સ્વામીજીએ એમ પણ કહ્યું હતું કે, જે દેશને મુસ્લિમ નેતા મદનીના મુખેથી પોતાનો કહી રહ્યા છે, તેઓ જણાવે કે તેમના દેશનું નામ શું છે ? જો તેમના દેશનું નામ ભારત છે, તો તેમણે એ પણ જણાવવું પડશે કે તેમના કયા ધાર્મિક ગ્રંથોમાં ભારતનું નામ આવ્યું છે, તે કોઈની પાસે નથી. જ્યારે હિન્દુ સનાતન ધર્મ શાસ્ત્રોમાં આ દેશનું નામ ભારત કહેવામાં આવ્યું છે અને અહીંના સનાતનીઓને ભારતીય સંસ્કૃતિ કહેવામાં આવી છે. ભારતના બંધારણમાં પણ ભારત દેશ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મદનીએ તો ત્યાં સુધી કહ્યું કે, અમે લોકસભા અને રાજયસભામાં પસાર થયેલા ટ્રિપલ તલાકના કાયદાને સ્વીકારીશું નહીં. હિજાબ વિરૂદ્ધના કાયદાનું પણ પાલન કરવામાં આવશે નહીં. જો યુનિફોર્મ સિવિલ કોડનો કાયદો લાવવામાં આવશે તો તેને પણ સ્વીકારવામાં આવશે નહીં. હવે અહીં વિચારવા જેવી વાત એ છે કે, જે લોકો ભારતના સર્વધર્મના ધાર્મિક ગ્રંથોને માનતા નથી અથવા ભારતના બંધારણને અનુસરતા નથી તેમનો દેશ કેવી રીતે હોઈ શકે ? મદનીનું આ નિવેદન કાશી વિશ્વનાથ જ્ઞાનવાપીના કારણે આવ્યું છે, જ્યાં હિન્દુ દેવી-દેવતાઓના પ્રતીકો છે તે ધાર્મિક સ્થળોને કોઈ કેવી રીતે નકારી શકે, તેના પ્રત્યક્ષ પુરાવામાં કોઈ શંકા હોવી જોઈએ નહીં. એટલું ચોક્કસ કહી શકાય કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓને અનુસરનારા અથવા ભારતનાં સર્વ ધર્મનાં લોકોએ ભારતીય બંધારણનો સ્વીકાર કરનારાઓનો આ દેશ છે. પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે, આવું નિવેદન આપવું મસૂદ મદનીનું હાસ્યપદ જ કહી શકાય. સ્વામીજીએ આશા વ્યક્ત કરી કે મદનીજી અને તેમના સાથીદારો આવું દુસ્સાહસ નહીં કરે અને દેશની શાંતિને ખલેલ પહોંચાડશે નહીં તે દરેક ધર્મનાં હિતમાં છે. ભારતમાં સર્વ ધર્મનાં લોકો શાંતિ અને અમન-ચેનથી રહે તેવું વાતાવરણ દરેક ધર્મનાં સાધુ, સંતો, સુફી, સંતો અને નેતાઓએ અનુસરવું જોઈએ.

# જામખંભાળિયામાં વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાનું ગરીબ કલ્યાણ સંમેલન યોજાયું


(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિમાચલ પ્રદેશના સિમલા ખાતેથી ગરીબ કલ્યાણ સંમેલન અંતર્ગત લાભાર્થીઓ સાથે ઓનલાઈન માધ્યમથી સંવાદ યોજયો હતો. જેમાં વડાપ્રધાનએ વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમજ કિસાન સમ્માન નિધિ યોજના હેઠળના દેશના કુલ ૧૦ કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોના ખાતામાં ૧૧માં હપ્તાની ૨૧ હજાર કરોડથી વધુની રકમ જમા કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાકક્ષાનું ગરીબ કલ્યાણ સંમેલન જામખંભાળિયા ખાતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજીબેન મોરી, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન પરમાર, જિલ્લા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ કણઝારીયા, શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ નકુમ, ભાજપ અગ્રણી પ્રતાપભાઈ પિંડારિયા, ઈન્ચાર્જ અધિક કલેકટર ભાવેશ ખેર, ખંભાળીયા પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા સહિતના અગ્રણીઓ, અધિકારીઓ જોડાયા હતા.

## રાજ્ય પુરોહિત જ્ઞાતિના પ્રમુખ જીતુભાઈ મોતાના માતાનું નિધન

જામ ખંભાળિયા : રાજ્ય પુરોહિત બ્રાહ્મણ મનસુખભાઈ માવજીભાઈ મોતાના ધર્મપત્ની ઉષાબેન(ઉ.વ.૭૩) તે ખંભાળિયા રાજ્ય પુરોહિત જ્ઞાતિના પ્રમુખ જીતુભાઈ તેમજ રાજુભાઈ, રીટાબેન ધીરજલાલ રાવલ અને પુનમબેન વિમલકુમાર નાકરના માતા તેમજ ધીરજલાલ હરિલાલ રાવલ, વિમલકુમાર રમેશભાઈ નાકર અને નીતાબેન જીતુભાઈ મોતા અને હંસાબેન રાજુભાઈ મોતાના સાસુ તથા સ્વ. ભવાનીશંકર, સ્વ. રમણીકલાલ, સ્વ. ભાઈશંકરભાઈ અને શશીકાંતભાઈના ભાભી તેમજ શાંતિલાલ અને સ્વ. અશ્વિનભાઈ રમણીકલાલ ખેતીયા, રંજનબેન, દેવકુંવરબેન અને કૌશલ્યાબેનના બહેન તારીખ ૩૦ના રોજ અવસાન પામ્યા છે. સદગતની પ્રાર્થનાસભા ગુરૂવાર તારીખ ૨ ના રોજ સાંજે સાડા ચારથી સાડા પાંચ અત્રે જી.વી.જે. હાઈસ્કૂલ સામે આવેલી રાજ્ય પુરોહિત વિદ્યાર્થી ભવન (બોર્ડિંગ) ખાતે રાખવામાં આવેલ છે.


## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. વૃજલાલ ભગવાનજી દાવડા(ઉ.વ.૮૨) તે જયેશભાઈ, મનોજભાઈ(રીચીઝ કાર્ડ એન્ડ ગીફટ), લતાબેન કિશોરકુમાર પોપટ(રાજકોટ), મીનાબેન રાજેશકુમાર પુજારા(વાંકાનેર), જાગૃતીબેન અતુલકુમાર સોઢા(બેંગ્લોર)નાં પિતા તથા માણાવદરવાળા વૃજલાલ મકનજી માખેચાનાં જમાઈ તા.૩૧-૫-૨૦૨૨નાં રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા સાસરાપક્ષની સાદડી તા.૨-૬-૨૦૨૨ના ગુરૂવારનાં રોજ સાંજે ૫ થી ૬ માંગનાથ મંદિર, માંગનાથ રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ : પ્રભુલાલ કરૂણાશંકર અધ્વર્યુ (ઉ.વ.૯૭) ભગવતસિંહજી હાઈસ્કૂલ ધોરાજીનાં ભૂતપૂર્વ શિક્ષકનું તા.૧-૬-૨૨નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું/ઉઠમણું બંધ રાખેલ છે. અધ્વર્યુ પરિવાર જૂનાગઢ મો.૭૬૦૦૨ ૯૨૨૩૨.

રાજકોટ: સોની નટુભાઈ વલ્લભદાસ રાણપરાના ધર્મપત્ની અલ્કાબેન નટુભાઈ રાણપરા (ઉ.વ. ૫૯) તે અમરીશભાઈ, રાજદીપભાઈનાં માતા, ભવ્યાંગ, આર્યન, યશ્વી, ધાર્મીનાં દાદી, સાજાપુરવાળા સોની પ્રાણજીવનદાસ રાજશીભાઈ માંડલીયાની દિકરીનું તા. ૩૧-૫-૨૨નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨-૬-૨૨ ગુરૂવારનાં રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨ સોની સમાજની વાડી, યુનિટ નં.૨, ખીજડાવાળી, કોઠારીયા નાકા, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ : ગં.સ્વ. ઉર્મિલાબેન (બકુલબેન) (ઉ.વ. ૭૬) તે સ્વ. જેન્તીભાઈ જમનાદાસ શિંગાળાનાં ધર્મપત્ની, ચંદ્રેશ, ઉમંગ, જાગૃતિબેન લલીતભાઈ કટારીયા, સુનીતાબેન બિપીનકુમાર તન્ના, ભાવિનીબેન કિર્તીકુમાર કોટક, તૃપ્તીબેન પરેશકુમાર રાચ્છનાં માતા, જીજ્ઞાબેન, હીનાબેનનાં સાસુ, સ્વ. દયાળજી ખીમજી ચંદારાણાનાં પુત્રી તા. ૨૯ને રવિવારનાં રોજ શ્રીજીચરણ પામ્યા છે. સદગતનું બેસણું અને પિયરપક્ષની સાદડી તા. ૨ને ગુરૂવારનાં રોજ વેદમાતા ગાયત્રી મંદિર, આનંદનગર મેઈન રોડ, રાજકોટ ખાતે સાંજે ૫.૩૦ કલાકે રાખેલ છે.

# જૂનાગઢ જીલ્લાનું ગરીબ કલ્યાણ સંમેલન સાંસદ રાજેશભાઈ ચુડાસમાની અધ્યક્ષતામાં યોજાયું

## જૂનાગઢ જીલ્લાના ૧.૬૯ લાખ ખેડૂત ખાતેદારોના બેંક ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ રૂા.૩૩.૮૩ કરોડની રકમ જમા કરાઈ : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સુશાસનના ૮ વર્ષ સાચા અર્થમાં લોકોમાં જીવનમાં પરિવર્તન લાવનારા રહ્યા છે : સાંસદ રાજેશ ચુડાસમા






જૂનાગઢ, તા.૧

જૂનાગઢ જિલ્લાના ગરીબ કલ્યાણ સંમેલનમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમાની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભોનું પ્રતિકાત્મક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જૂનાગઢ જિલ્લાના ૧.૬૯ લાખ ખેડૂત ખાતેદારોના બેંક ખાતામાં ડિજીટલી પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ રૂા.૨૦૦૦ પેટે રૂા.૩૩.૮૩ કરોડની રકમ જમા કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હિમાચલ પ્રદેશના શિમલાથી વર્ચ્યુઅલી ગુજરાત સહિતના રાજયોના જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સીધો સંવાદ કર્યો હતો. આ સાથે પ્રધાનમંત્રીએ પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ દેશભરના ૧૦ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં રૂા.૨૧ હજાર કરોડથી વધુની રકમની ડીબીટીના માધ્યમથી ચૂકવણી કરી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે જુદી જુદી કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સંબોધતા સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં સુશાસનના ૮ વર્ષ પૂર્ણ થયા છે. જે સાચા અર્થમાં લોકોમાં જીવનમાં પરિવર્તન લાવનાર રહ્યા છે. આ બદલાવની પ્રતીતિ વિવિધ જનકલ્યાણની યોજનઓના માધ્યમથી થઈ રહી છે. ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા માટે પીએમ કિસાન સન્માનનિધિના ૧૧માં હપ્તાની ચુકવણી કરવામાં આવી છે. જેમાં દેશભરના ખેડૂતોના બેંક ખાતામાં ૨૧ હજાર કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. કોરોના મહામારીનાં કપરાકાળમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના માધ્યમથી ૮૦ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ પૂરૂ પાડવામાં આવ્યું હતું. સાથે કોરોના મહમારીમાંથી બહાર આવવા માટે દેશના નાગરકોને નિઃશુલ્ક વેક્સીન ઉપલબ્ધ કરાવી છે.

સાંસદે યોજનાઓના લાભાર્થીઓના દ્રષ્ટાંત આપતા ઉમેર્યું કે, એક સમયે બહેનો રસોઈ બનાવતી વેળાએ ધુમાડાથી ગંભીર બિમારીઓના ભોગ બનતી હતી. પરંતુ ઉજ્જવલા યોજનાઓના માધ્યમથી દેશની ગરીબ મહિલાઓને આરોગ્ય કવચ મળ્યું છે. દેશના નાગરિકોના આરોગ્યને ગંભીર બીમારીઓ સામે સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રીએ દુનિયાની સૌથી મોટી આયુષ્માન ભારત યોજના અમલી બનાવી છે. જેનો લાભ અમેરિકાની વસ્તી કરતાંપણ વધુ લોકોને મળી રહ્યો છે. આમ, આ યોજનાઓથી લોકોના જીવનમાં વ્યાપક પરિવર્તન આવી રહ્યું છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની સરકારના કાર્યકાળથી રાજ્યના બજેટમાં ગામડું અને ખેડૂત કેન્દ્રમાં આવ્યા હતા. આ પૂર્વેની સરકારમાં સરકારમાં યોજનાઓ માત્ર કાગળ ઉપર સિમિત હતી. લોકોને પાણી માટે વલખાં મારવા પડતા હતા. પુરતો વીજ પુરવઠો મળતો ન હતો. ત્યારે આજે સૌરાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિનું કાયમી નિવારણ માટે સૌની યોજના થકી સૌરાષ્ટ્રના ડેમો ભરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યોતિગ્રામ યોજનાઓના માધ્યમથી ગામડાંઓમાં પણ ૨૪ કલાક વીજ પુરવઠો મળે છે. ઉપરાંત આંતરમાળખાકીય સુવિધાઓ સુદ્રઢ બનાવાઈ છે, ગાંમડાથી તાલુકા-જિલ્લા મથકને જોડતા રસ્તાઓનુ નિર્માણ કરવામાં આવ્યું છે, ગરીબોને પ્રધાનમંત્રી આવાસ યોજનાના માધ્યમથી ઘરનું ઘર મળ્યું છે. આમ, પ્રવર્તમાન કેન્દ્ર-રાજ્ય સરકારે વહીવટી તંત્રના માધ્યમથી સાચા અર્થમાં લોકોને વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ આપવામાં સફળ રહી છે. તેમ સાંસદશ્રીએ અંતમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વિવિધ કલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, જન આરોગ્ય યોજના, માતૃ વંદના યોજના, ઉજ્જવલા યોજના દ્વારા છેવાડાના માનવીની સમસ્યાઓનુ નિવારણ થયું છે.

જૂનાગઢના મેયર ગીતાબેન પરમારે જણાવ્યું કે, જરૂરિયાતમંદ એક પણ લાભાર્થી સહાય કે લાભથી વંચિત ન રહે તે માટે સરકાર કટીબદ્ધ છે. આ સાથે તેમણે લાભાર્થીઓને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓ લાભલેવા અનુરોધ કર્યો હતો. જૂનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિગ કમિટિના ચેરમેન હરેશભાઈ પરસાણાએ કેન્દ્ર-રાજય સરકારની યોજનાઓ લાભ લોકો સુધી પહોંચાડ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે શાબ્દિક સ્વાગત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.જે. જાડેજાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે જૂનાગઢ મહાનગર કિસાન મોરચા દ્વારા સાંસદ રાજેશભાઈ ચુડાસમાનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી નયનભાઈ ગોહેલે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેના ગરીબ કલ્યાણ સંમેલનમાં આયોજિત જુદા જુદા સ્ટોલની સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ વિપુલ કવાણી, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, મહાનગરપાલિકાના કમિશ્નર તન્ના, જિલ્લા પંચાયતના સદસ્ય અનુભાઈ ગુજરાતી, સહિતના પદાધિકારી-અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સોમનાથ મંદિરમાં સોમેશ્વર મહાપૂજનનો કાર્યક્રમ યોજાયો : અક્ષયકુમારે લાભ લીધો





(મીનાક્ષી ભાસ્કર વૈધ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ મંદિરમાં આવતા દર્શનાર્થીઓ તથા શ્રધ્ધાળુઓ માટે શ્રી સોમનાથ મંદિરમાં સોમેશ્વર મહાપૂજન પુજાવિધિનો શુભારંભ કરવામાં આવ્યો હતો. હિન્દી ફિલ્મના પ્રસિધ્ધ અભિનેતા અક્ષયકુમાર પોતે પ્રથમ પુજા કરી શ્રી સોમનાથ મંદિરમાં સોમેશ્વર મહાપૂજનનો લાભ લીધો હતો. આ પુજન કરવા માટે શ્રધ્ધાળુઓ શ્રી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ www.somnath.org ઉપરથી ઓનલાઈન તેમજ મંદિરના પુજાવિધિ કાઉન્ટર ઉપર ઓફલાઈન પણ પુજા નોંધાવી શકશે. હાલમાં આ પુજાના સોમનાથ ટ્રસ્ટ દ્વારા મંદિર ખાતે ત્રણ સ્લોટમાં આ પુજાનો શુભારંભ કરવામાં આવ્યો છે, જેમાં સવારે ૮-૦૦ કલાકે, સવારે ૯-૦૦ કલાકે, સવારે ૧૦-૦૦ કલાકે કુલ ત્રણ સ્લોટમાં દર કલાકે યજમાનપુજા કરી ધન્ય બની શકશે. શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમેશ્વર મહાપુજાના પુજનનો સંકલ્પ કરી, ગણપતિ ધ્યાન કરી, કળશમાં વરૂણદેવ તથા સમસ્ત તીર્થોનુ આવાહન કરી, ભગવાન શ્રી સોમનાથ મહાદેવનુ ધ્યાન કરી, વિવિધ દ્રવ્યો જેવા કે દુધ, દહીં, ઘી, મધ, ખાંડ, ચંદન, અતર અને ભસ્મ વગેરેથી સ્નાન કરાવી, રૂદ્રશુકતના ૬૬ મંત્રો દ્વારા ભગવાનનો અભિષેક કરાવવામાં આવે છે. ત્યારબાદ ભગવાનને વસ્ત્ર, જનોઇ, ચંદન, ચોખા, ફુલ, ફુલહાર, બિલ્વપત્ર, અબીલ, ગુલાલ, ધુપ, દીપ, નેવૈદ્ય, મુખવાસ, નીરાજનમ, મંત્રપુષ્પાંજલી, પ્રદક્ષીણા અને પ્રાર્થના, આમ અનેક ઉપચારોથી પૂજા કરવામાં આવે છે. સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મ પ્રમોશન માટે અભિનેતા અક્ષયકુમાર, ડિરેક્ટર ચંદ્રપ્રકાશ દ્વિવેદી, અભિનેત્રી માનુસી ચીલ્લર સહિત સોમનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા. તેઓએ સોમેશ્વર મહાપુજનનો શુભારંભ કરવામાં આવેલ હતો. આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રો.જે ડી પરમાર, કોર્ડિનેટર ડો.યશોધરભાઈ ભટ્ટ, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા તમામ મહાનુભાવોનું સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું.

# જૂનાગઢ જીલ્લા કલેકટર કચેરીના કલાર્ક હરદિપ પટેલ બેસ્ટ કર્મચારી એવોર્ડથી સન્માનીત

## નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર કર્મચારીને બિરદાવતા જીલ્લા કલેક્ટર રચિત રાજ

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ જિલ્લા કલેક્ટર રચિત રાજ દ્વારા મે મહિનામાં બેસ્ટ કામગીરી કરનાર કલાર્ક હરદિપ પટેલને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્રમાં બેસ્ટ કામગીરી કરનાર કર્મચારીનું દર મહિને કલેક્ટર દ્વારા સન્માન કરવામાં આવે છે. મે મહિનામાં વહિવટી તંત્રની સંકલન તથા ઉત્કૃષ્ટ કામગીરી



કરનાર કલાર્ક હરદિપ પટેલનું કલેક્ટર રચિત રાજના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કલાર્ક હરદિપ પટેલે જણાવ્યું હતું કે, માણાવદરના પાજોદનો વતની છું અને છેલ્લા ૬ વર્ષથી જૂનાગઢ કલેક્ટર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવું છું. વહિવટી તંત્રની કામગીરી કે પછી કલેક્ટર દ્વારા આપવામાં આવતી કામગીરી નિષ્ઠા પૂર્વક અને સમયસર પૂર્ણ કરી દઉ છું. ત્યારે જિલ્લા વહિવટી તંત્રની સંકલનની કે મેનેજમેન્ટની તમામ કામગીરી નિષ્ઠાપૂર્વક કરી હોવાથી આજે કલેક્ટર દ્વારા મે મહિનાની બેસ્ટ કામગીરી માટે જિલ્લા વહિવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યો છે. જે મારા માટે આનંદ સહ ગર્વની વાત છે. હું જિલ્લા કલેક્ટર અને વહિવટી તંત્રનો આભાર માનું છુ. મારી ફરજ દરમ્યાન નિષ્ઠાથી કામગીરી કરતો રહીશું.

# વિસાવદર તાલુકાના મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો માટે વ્યવસ્થાપકની ભરતી કરાશે

જૂનાગઢ, તા.૧

વિસાવદર તાલુકાના મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો માટે વ્યવસ્થાપકની ભરતી કરવામાં આવશે. મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર વ્યવસ્થાપકની ખાલી જગ્યાઓ સરકારે નિયત કરેલ માસિક ઉચ્ચક માનદવેતનથી ખંડ સમય માટે હંગામી ધોરણે ભરવાની છે.

વ્યવસ્થાપકની ખાલી જગ્યાઓમાં કાલસારી અને સરસઈ ગામની પે-સેન્ટર શાળા ઉપરાંત સુખપુર, શેત્રંજવડા, ભૂતડી, વિરપુર, ભટ્ટવાવડી પ્રાથમિક શાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપરોકત કેન્દ્રમાં ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારોએ મામલતદાર કચેરી, મધ્યાહન ભોજન યોજના શાખા, વિસાવદરનો સંપર્ક કરવો તેમજ તા.૧૯-૬-૨૦૨૧ સુધીમાં સમય ૧૧ થી ૫ વાગ્યા દરમિયાન જરૂરી આધાર પુરાવા સાથેની અરજી કચેરીમાં રજૂ કરવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે મામલતદાર કચેરી, વિસાવદરનો રૂબરૂ સંપર્ક કરવા એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આજે ડો. જી.આર. ગોહિલનો જન્મ દિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧



ડો.જી.આર. ગોહિલનો આજે જન્મ દિવસ છે. તેઓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામક તરીકે ફરજ બજાવે છે. તેમણે યુનિવર્સિટીમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં કામ કરેલ છે. હાલ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં યુનિવર્સિટીમાં જે સંશોધનો થયા હોય તે સંશોધનોનેલાઈન ડીપાર્ટમેન્ટ અધિકારીઓ, વિસ્તરણ અધિકારીઓ, સ્વાયત સંસ્થાઓ, ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ, ખેડૂત કામ કરતી વિવિધ સંસ્થાઓ, ખેડૂતો, મહિલાઓ વગેરેને પહોંચાડવા માટેની તાલીમો આપે છે. તદ ઉપરાંત ૫૫૦૦ ઈનપુટ ડીલર્સના કોર્ષમાં કોર્ડીનેટર તરીકે ફરજ બજાવેલ છે. ઘણા ઈનપુટ એશોસીએશન દ્વારા તેમને સન્માનિત કરવામાં આવેલ. તેઓએ ૧૦ આંતરરાષ્ટ્રીય અને ૧૫ રાષ્ટ્રીય કક્ષાના સંશોધન પેપરો લખ્યા છે. તદ ઉપરાંત જુદા જુદા ખેતી વિષયક મેગેજીનો જેવા કે કૃષિ જીવન, ખેતીની વાત, ખોડલધામ મેગેજીન, સમૃદ્ધ ખેતી, કૃષિ ગોવિદ્યા, કૃષિ વિજ્ઞાન, ગ્રામ સેતુ, કૃષિ પ્રભાત વગેરેમાં ૧૬૨થી વધુ લેખો લખેલા છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ તેમજ કોમ્યુનીટી રેડીઓમાં ખેતી લક્ષી માસિક ખેતી કાર્યો પણ આપે છે. વર્તમાનપત્રોમાં પણ અઠવાડિક ખેતી કાર્યો લખે છે. સારા લેખક બદલ કૃષિગો વિદ્યાએ એવોર્ડ આપેલ છે. ખેડૂત વર્ગ તથા ઈનપુટ ડીલરમાં તેઓ ખાસ ચાહક રહ્યા છે.

# વેરાવળના વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧



વાડુકાઈ કરાટે (જાપાન)ની વેરાવળની ટીમ ભુવનેશ્વર (ઓડીશા) ખાતે નેશનલ કરાટે ચેમ્પીયન રમવા ગયેલ જેમાં વેરાવળની સરકારી બોયઝ હાઈસ્કૂલના શિક્ષક એન.ડી. શીલુનો પુત્ર પ્રણવ શીલુએ આ નેશનલ ચેમ્પીયનશીપમાં ત્રીજો નંબર મેળવી બોન્ઝ મેડલ જીતી ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત પ્રણવ શિલુ સમગ્ર ગુજરાત માટે કરાટે ઈન્સ્ટ્રકટર તરીકે નિમણુંક પામેલ છે. આ સફળતા માટે કોચ સિંહોન પ્રવિણભાઈ ચૌહાણ રહેલ હતા.

## સમગ્ર મુસ્લીમ સમાજ મેંદરડા અને જૂનાગઢનાં આરબભાઈ સુમરા દ્વારા

# આગામી રવિવારે મેંદરડા ખાતે સમુહ શાદીનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢનાં સામાજીક અગ્રણી આરબભાઈ સુમરા દ્વારા વધુ એકવાર સમુહ શાદીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર મુસ્લીમ સમાજ મેંદરડાનાં સહયોગથી આરબભાઈ દ્વારા ૧૧માં સમુહ લગ્નનું આયોજન કરાયું છે. જેમાં ૧૮ યુગલોનાં નિકાહ થશે. મર્હુમ હાજી તૈયાબભાઈ સીડાની યાદમાં સમુહ શાદીનું આયોજન થયું છે. જેમાં અમદાવાદની મહેર ક્રેડીટ એન્ડ સપ્લાય કો.લી. સોસાયટીનાં પ્રમુખ હાજી મહંમદશરીફ ઉસામાનભાઈ દેસાઈ અનો જૂનાગઢનાં નઝમાબેન પઠાણ મુખ્ય દાતા છે. આ સમુહલગ્નમાં દરેક યુગલનો ૫૧ ચીજવસ્તુઓનો કરિયાવર આપવામાં આવશે. આગામી રવિવાર તા.૫ જુનનાં રોજ મેંદરડા ખાતે સમુહ શાદી યોજાશે તેમ સમુહ શાદીનાં આયોજક આરબભાઈ સુમરા અને સાદાબભાઈ સુમરાની યાદીમાં જણાવાયું છે.

# વેરાવળ લોક જાગૃતિ મંચના નવા પ્રમુખ સહિતના પદાધિકારીઓની વરણી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧

વેરાવળ લોક જાગૃતિ મંચની ૧૪મી વાર્ષિક સાધારણની મીટિંગ મળેલ જેમાં પૂર્વ પ્રમુખ બીપીનભાઈ સંઘવી, જે.બી.મહેતા તથા તત્કાલીન પ્રમુખ શ્યામભાઈ નાથાણીની ઉપસ્થિતીમાં નવા પ્રમુખ તરીકે બિપીનભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અનેનવા પ્રમુખે તેમની નવી ટીમની જાહેર કરેલ જેમાં ઉપપ્રમુખ દિનેશભાઈ વૈદ્ય તથા કિરીટભાઈ ઉનડકટ, સેક્રેટરી અનિલભાઈ પુરોહિત, જો. સેક્રેટરી અનિલભાઈ જોશી, ટ્રેઝરર કિરીટભાઈ જાની, જો. ટ્રેઝરર સંજયભાઈ દાવડા, માર્ગદર્શક મંડળમાં બીપીનભાઈ સંઘવી, જે.બી.મહેતા, દિપકભાઈ ટિલાવત, મધુસુદન નાયક, રમેશભાઈ ચોપડકર, શૈલેષભાઈ શેઠ રહેલ છે અને નવા વરાયેલ પ્રમુખ બિપીનભાઈ શાહે જણાવેલ કે, લોકોમાં જાગૃતિ લાવવાના કાર્યક્રમો કરીશું તેમ એકયાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# લુચ્ચા ચીનનું પતન, ભારતીય નેતૃત્વની કસોટી

ચીનનું અભિમાન પરાકાષ્ઠાએ છે. જિનપિંગ એના દેશનો સૌથી અપ્રિય અને નેતા છે. ચીનાઓ હજારો ભૂગર્ભ પત્રિકાઓ દ્વારા લોકશાહીની ડિમાન્ડ બુલંદ કરી રહ્યા છે. અહીં વિકરાળ લોકક્રાન્તિ ગમે ત્યારે ભડકે એમ છે. ક્રાન્તિકારીઓને ચીની મુસ્લિમો સમર્થન આપે છે કારણ કે, મુસ્લિમો અહીંની સૌથી પીડિત પ્રજા છે. એટલે જ હમણાં ઈસ્લામિક સ્ટેટ ઓફ લેવેન્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ચીન અમારો નંબર વન શત્રુ છે. આઈએસ દ્વારા ચીનમાં આતંકવાદી હુમલાઓની જાળ બિછાવવાની શરૂઆત થઈ ગઈ છે. ચીનાઈ નિકાસો અરધી ઓછી થઈ છે અને આ મહિનાના અંત સુધીમાં એમાં વધુ ઘટાડો આવવાનો નક્કી છે. અબજો ડોલરની રોકાણકાર કંપનીઓ એના તંબૂ ઉખાડી રહી છે. ચીનનું અને કાચબાનું પેટ કોઈએ જોયું નથી. શાંઘાઈ સહિતના વિવિધ શહેરો ઉપરના લોકડાઉન પછી મલ્ટીનેશનલ કંપનીઓ પોતાનો કારોબાર સંકેલી રહી છે. ચીન હવે વૈશ્વિક બહિષ્કારનો સામનો કરી રહ્યું છે. ચીનના વાણિજ્ય ક્ષેત્રની હવે ખરેખરી પનોતી બેસવાની છે. મિત્રતાની આડશમાં પૂર્ણતઃ દુશ્મનની ભૂમિકા અદા કરવી એ ચીનની એવી જૂની આદત છે જેને તમામ ભારતીય વડાપ્રધાનો શા માટે સહન કરતા આવ્યા છે તે ભારતની પ્રજાને સમજાતું નથી. ઈ.સ.૧૯૭૧માં શરૂ થયેલા ભારત-પાક યુદ્ધમાં પાકિસ્તાનને ભારતે ધ્વસ્ત કરી નાંખ્યું પછી રશિયાએ ભારતને સમક્ષ વધુ એક યુદ્ધ છેડીને ચીનને પણ પછાડવાની દરખાસ્ત કરી હતી. પરંતુ ભારતમાં પ્રગતિના એટલા બધા કામો પેન્ડિંગ હતા કે ઈન્દિરા ગાંધીએ કેબિનેટને પરોક્ષ રીતે કહ્યું હતું કે, ભારત હવે નજીકના ભવિષ્યમાં બીજું યુદ્ધ આર્થિક રીતે ઊંચકી શકે એમ નથી. એટલે ચીનને પાઠ ભણાવવાનો બાકી છે તે હજુ આજે પણ બાકી છે. ભારતીય વડાપ્રધાનોની મૂર્ખતા ઉપર ચીન પોતાની લુચ્ચાઈ ટકાવતું આવ્યું છે. સમગ્ર એશિયામાં ચીનના નિર્લજ્જ સામ્રાજ્યવાદી અતિક્રમણોનો તો એક અલગ જ ઈતિહાસ છે. દાયકાઓથી આંતરરાષ્ટ્રીય તખ્તા ઉપર ડિસ્ટર્બ ઈન્ડિયા પ્રોજેક્ટ ચાલે છે. એનું મૂળભૂત સૂત્રધાર રાષ્ટ્ર બ્રિટન છે. પૂર્વ પાકિસ્તાન(આજનું બાંગ્લાદેશ) અને પશ્ચિમ પાકિસ્તાનની યોજનામાં પણ બ્રિટનની ખોરી દાનત હતી. આપણા દેશમાં એક વડાપ્રધાન ઈન્દિરા ગાંધીમાં ઈતિહાસને સમજવાની અદ્વિતીય સમજ હતી. એ ડહાપણ એમને પિતા જવાહરલાલ પાસેથી વારસામાં મળ્યું હતું. જવાહરલાલ નહેરૂ ઈતિહાસના એક્કા હતા. પરંતુ એમની પાસે બહુ સમય ન હતો. ઈન્દિરા ગાંધીએ એક જ વાઘ છાપ રશિયા સાથે મજબૂત સંબંધો રાખીને આખી દુનિયાને ચૂપ રાખી અને પાકિસ્તાનના પગ કાપી બાંગ્લાદેશને સ્વતંત્રાતા અપાવી. આજે ઈતિહાસ અને વિદેશનીતિની વિચક્ષણતાથી સર્વથા અજ્ઞાત એનડીએ સરકાર અમેરિકા અને ચીનની ભંગાણે આવેલી સંબંધિકામાંથી જેમ જેમ લાભ લેવાનો પ્રયત્ના કરે છે તેમ તેમ ભારતને ગેરલાભ થતો જાય છે. ખાલિસ્તાનની સમગ્ર ચળવળ પાછળ બ્રિટનનો હાથ હતો અને આજે પણ ખાલિસ્તાની અલગાવવાદીઓ બ્રિટન સરકારના આશ્રયે રહી ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરતા રહે છે. બ્રિટનનો હેતુ ભારતને સતત ડિસ્ટર્બ કરવાનો છે. ભારત અને પાકિસ્તાન અલગ થયા ત્યારે પાકિસ્તાનમાં રહેલા બ્રિટિશ રાજદૂતાવાસ તરફથી જ તમામ ભારત વિરોધી નીતિમત્તા ઘડીને પાક સરકારના હાથમાં આપવામાં આવતી હતી. તામિલ ટાઈગરોના એલટીટીઈને બ્રિટિશ જાસૂસો ફંડ આપતા હતા. ભારત અને લંકાના સંબંધોનો સેતુબંધ તોડવાનો એ માસ્ટરપ્લાન હતો. ડિસ્ટર્બ ઈન્ડિયા પ્રોજેક્ટને આગળ ધપાવવા ચીનને બ્રિટિશરો જ સહકાર આપતા રહ્યા છે. બ્રિટનને અમેરિકાના સાથી રાષ્ટ્રોમાંનું એક માનવામાં આવે છે. તેમ છતાંય બ્રિટન અને ચીનના સંબંધો આજે પણ ખૂબ સારા છે. બ્રિટનની આ ખંધી રાજનીતિ ભવિષ્યમાં અમેરિકાને પણ ભારે પડવાની છે. યુરોપિયન સંઘમાંથી છૂટા પડયા પછીના બ્રિટનમાં લુચ્ચા ચીને અબજો ડોલરનું રોકાણ કરેલું છે. ચીન અને બ્રિટનની દોસ્તી છાની નથી. મેઈડ ઈન ચાઈના નામક બ્રાન્ડ હવે ક્યાંય ચાલે એમ નથી. કોરોના વાયરસ દ્વારા દુનિયાભરમાં મોંઘેરા મોતનું ડિસ્કાઉન્ટ સેલ ચાલુ કરનાર ચીનના હવે દેશદેશાવરમાં ઘેરઘેર દુશ્મનો છે. એટલે અનેક રીતે ચીન પતનની ગહન ખીણની ધારે ધારે ચાલે છે અને ગમે ત્યારે એ પડવાનું છે એ નક્કી છે. ચીની કંપનીઓની દુનિયાભરમાંથી ઝડપી હકાલપટ્ટી થઈ રહી છે. ચીનના જે જે હાથના કર્યા છે એ એને જ હૈયે વાગવાનો સમય હવે આવ્યો છે. ચીન ભારતને ડિસ્ટર્બ કરવામાં હવે પાકિસ્તાનને સમાંતર ભય દેખાડી પાકિસ્તાની પ્રાંતો કબ્જે કરવા અખતરા કરવા લાગ્યું છે. અમેરિકા અને જાપાન જેવા ચીનના શત્રુ દેશો સાથેની ભારતની દોસ્તી એવી છે કે, ચીનાઓના ડ્રેગન સામે ભારત હવે સહસ્ત્રફેણ ફૂંફાડો મારવા સમર્થ બન્યું છે. ભારતીય નેતૃત્વની કસોટીનો આ એક નવો અધ્યાય છે પરંતુ ભારત યુધ્ધ ઈચ્છતુ નથી પરંતુ ચીનની છમ્મ નીતિ સામે વિશ્વનાં અનેક દેશો ભારત તરફી વાળવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિ કારગર બની રહી છે.

## આ છે રૂડું રળીયામણું જૂનાગઢ અમારૂ...

આ છે રૂડું રળીયામણું જૂનાગઢ અમારૂ...
- હેરીટેઝ મકાનો-મકબરાથી વસેલું જૂનાગઢ અમારૂ...
- ગીરનારી-દાતારીનાં પહાડોથી હરીયાળુ જૂનાગઢ અમારૂ...
- ખરબચડા રસ્તાઓ અને ગંદકીથી ગંધાતુ જૂનાગઢ અમારૂ...
- કચરાનાં ઢગલાઓ અને ગટરનાં પાણીમાં વહેતું જૂનાગઢ અમારૂ
- રખડતા ઢોરો અને રખડતા કુતરાઓથી ભરેલું જૂનાગઢ અમારૂ
- રોડ નીચાને ગટરનાં ઢાંકણ ઉંચા એવું તો કામ છે અમારૂ,
- મન થાય ત્યારે ખાડા ખોદવાને મન થાય ત્યારે બુરવા એવું તો આયોજન અમારૂ...

આ છે રૂડુંને રળીયમણું જૂનાગઢ...
- નથી કોર્પોરેશન હસ્તકની હોસ્પિટલના ઠેકાણા શોભાનાં ગાંઠીયા પણ કામ વગરનાં સાઈડ સિંગ્નલો...

આ છે રૂડુંને રળીયામણું જૂનાગઢ...
- નથી સીટીબસ સેવા કે નથી સાફ-સફાઈની સુવિધા ટેકસ લેવામાં સૌથી આગળ દુવીધા દેવામાં પણ સૌથી આગળ...

આ છે રૂડુંને રળીયામણું જૂનાગઢ...
- અરે 'માસુમ' આતો દેખાવ કરવામાં અવ્વલ નંબરે છે અને કામ કરવામાં તો સાવ એટલે સાવ જીરો નંબર છે...

# શિક્ષણક્ષેત્રે હરણફાળ : ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓનો વાગશે દેશભરમાં ડંકો

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧

ગુજરાત આમ તો દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરી રહ્યું છે પરંતુ જ્યારે વાત શિક્ષણની આવે ત્યારે હંમેશા ગુજરાત પ્રથમ હરોળમાં પોતાની દાવેદારી નોંધાવતું હોય છે અને આપણી સામે એવાં ઘણા ઉદાહરણો છે કે, જેઓ ગુજરાતમાં ભણીને આગળ વધ્યા હોય અને ત્યારબાદ સમગ્ર વિશ્વમાં પોતાનો, પોતાના દેશનો પોતાના રાજયનો ડંકો વગાડ્યો હોય અને એ જ વસ્તુ એ સાબિત કરે છે કે, ગુજરાતનું શિક્ષણ અને શિક્ષણ વ્યવસ્થા સમગ્ર દેશમાં અગ્રીમ સ્થાને છે. આ સાથે ગુજરાતની એવી અનેક સંસ્થાઓ આવેલી છે કે તે વિદેશથી પણ લોકો ભણવા માટે આવતા હોય છે અને દેશભરમાં આ સંસ્થાઓની પોતાની એક આગવી ઓળખ છે અને આવી જ અનેક સંસ્થાઓ વિષે આજે વાત કરવાની છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજયુકેશન એન્ડ લિટ્રસી દ્વારા તા.૧ અને ૨ જૂન ૨૦૨૨ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ''સ્કૂલ એજયુકેશન મિનિસ્ટર કોન્ફરન્સ''નું આયોજન કરાયું છે. આ કોન્ફરન્સમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના શિક્ષણ મંત્રીઓ, શિક્ષણ સચિવઓ અને સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે. આ વેળાએ તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશના શિક્ષણ મંત્રીઓ ગાંધીનગર સ્થિત ૪ નામાંકિત સંસ્થાની મુલાકાત લેશે. જેમાં ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી(NFSU)નો સમાવેશ થાય છે. આ સંસ્થાઓની દેશભરમાં એક આગવી ઓળખ છે. આવો જાણીએ આ સંસ્થાઓ વિષે...

### ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઇન્ફોર્મેટિક્સ(BISAG)

ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓઈન્ફોર્મેટિક્સ(BISAG)એ નકશા-આધારિત જીઓસ્પેશિયલ ઈન્ફર્મેશન સિસ્ટમ્સના અમલીકરણમાં સેવાઓ અને ઉકેલો પ્રદાન કરવા માટે ગુજરાત સરકારની રાજ્ય સ્તરની એજન્સી છે. BISAGનું SATCOM નેટવર્ક એ ઉપગ્રહ સંચાર આધારિત નેટવર્ક સેવા છે જે રાજ્યભરમાં દૂરવર્તી ક્રિયા-પ્રતિક્રિયા પૂરી પાડે છે. હાલમાં BISAG કૃષિ, જમીન અને જળ સંસાધન, વ્યવસ્થાપન, પડતર જમીન/વોટરશેડ વિકાસ, વનસંવર્ધન, આપત્તિ વ્યવસ્થાપન, ઈન્ફ્રાસ્ટ્રક્ચરઅને શિક્ષણને લગતાં આયોજન અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે ભૌગોલિક-અવકાશી તકનિકોનો અમલ કરવા માટે કામ કરી રહી છે. SATCOMમાં અપલિંક અર્થ સ્ટેશન, કંટ્રોલ રૂમ, ટીવી સ્ટુડિયો અને પ્રાપ્ત વર્ગખંડોનું નેટવર્ક સામેલ છે. આ નેટવર્કનો ઉપયોગ માઈક્રોસોફ્ટ અને TCS દ્વારા આયોજિત .net અને java શિક્ષણ સત્રો માટે વ્યવહારૂ તાલીમ પ્રસારિત કરવા માટે થાય છે. થોડા સમય પહેલા ભારતીય સેનાએ BISAG-N, ગાંધીનગર સાથે એક સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કર્યા છે. જેમાં GIS અને IT આધારિત એન્ટરપ્રાઈઝ રિસોર્સ, પ્લાનિંગ સોફ્ટવેર, તાલીમ, સામગ્રી, ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રીનું પ્રસારણ, સંશોધન અને જ્ઞાન ભાગીદારી, તકનીકી સમર્થન હેઠળ વિકસિત સંસાધનોના અપગ્રેડેશનના વિકાસ માટે ઉભરતી તકનીકીઓના ક્ષેત્રોમાં જ્ઞાન અને સહયોગના આદાન-પ્રદાનને સરળ બનાવશે. આ સીમાચિહ્નરૂપ એમઓયુ તાલીમ, સંશોધન અને ક્ષમતા વિકાસને લગતા કાર્યક્રમોની વ્યૂહરચના અને અમલીકરણ તરફ ભારતીય સેના અને BISAG-N વચ્ચે સંસ્થાકીય સહયોગને સરળ અને મજબૂત બનાવશે.

### વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગર

ગાંધીનગર સેક્ટર ૧૯ સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રની શરૂઆત વર્ષ-૨૦૧૯માં થઈ હતી. આ કરવા પાછળનો ઉદ્દેશ્ય શિક્ષકોને દૈનિક ધોરણે સોંપાયેલ કાર્યોને વળગી રહી, શિક્ષણની ગુણવત્તા સુધરે તેવો સુનિશ્ચિત આશય આ કેન્દ્રનો છે. આ કેન્દ્રના સર્વેલન્સ સિસ્ટમથી ડ્રોપ-આઉટ, શાળા માન્યતા, શિક્ષકો-વિદ્યાર્થીઓની નોંધણી તેમજ હાજરી, બ્લોક અને ક્લસ્ટર રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટરનું નિરીક્ષણ કરે છે. આ કેન્દ્ર ૫૫,૦૦૦ પ્રાથમિક-માધ્યમિક સરકારી શાળાઓ ઉપર દેખરેખ રાખે છે અને લગભગ ૧.૨ કરોડ વિદ્યાર્થીઓના ભણતરના પરિણામોને સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યાં છે. અંદાજે ૪ લાખ શિક્ષકો પણ આ સંસ્થા સાથે જોડાયેલા છે. ગત મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી અને આ સંસ્થાની રાજયમાં શિક્ષણને સુધારવામાં કઈ રીતે મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે તેની સમીક્ષા પણ કરી હતી.

### પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી(PDEU)

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી(PDEU) સંસ્થા અગાઉ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી(PDPU) તરીકે ઓળખાતી હતી. તા.૪ એપ્રિલ ૨૦૦૭ના રોજ PDEU, GERMIની ખાનગી યુનિવર્સિટી તરીકે સ્થાપના કરવામાં આવી હતી. નોલેજ કોરિડોર તરીકે, ઓળખાતી ગિફ્ટ સિટી નજીક ગુજરાતની રાજધાની ગાંધીનગરથી ૮ કિ.મી. દુર રાયસણમાં શિક્ષણ સંસ્થા આવેલી છે. પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ દ્વારા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સંસ્થા તરીકે માન્યતા આવી છે. PDEUને નંબર ૧ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટી અને ગુજરાત સરકાર દ્વારા "સેન્ટર ઓફ એક્સેલન્સ સ્ટેટસ"માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. યુનિવર્સિટી પાસે ચાર સ્કૂલ છે, જે એક જ કેમ્પસમાં સ્થિત છે જેમાં સ્કૂલ ઓફ પેટ્રોલિયમ ટેક્નોલોજી(SPT), સ્કૂલ ઓફ ટેકનોલોજી(SoT), સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ(SPM) અને સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ(SLS)નો સમાવેશ થાય છે. યુનિવર્સિટી પાસે તેનો પોતાનો એક મેગાવોટ સોલાર પાવર પ્લાન્ટ પણ છે. ગુજરાત સરકારે મારૂતિ સુઝુકી સાથે સંયુક્ત સાહસમાં PDPU ખાતે રૂા.૧૫૦ કરોડના રોકાણ સાથે ઓટોમોબાઈલમાં ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવાનું નક્કી કર્યું છે. યુનિવર્સિટીને UGC(યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન) દ્વારા માન્યતા આપવામાં આવી છે અને તે AIU(એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી)ની સભ્ય છે. યુનિવર્સિટીને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા ગ્રેડ છ સાથે માન્યતા આપવામાં આવી છે. માર્ચ ૨૦૧૮માં, માનવ સંસાધન વિકાસ મંત્રી, પ્રકાશ જાવડેકરે જાહેરાત કરી હતી કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(ભારત)એ PDPUને સ્વાયત્તતા આપી છે. ભારતની બે ખાનગી યુનિવર્સિટીઓએ આ સ્વાયત્તાતા આપી છે. PDEUએ ગુજરાતની પ્રથમ કોલેજ છે જેને સ્વાયત્તતા આપવામાં આવી છે. હવેથી યુનિવર્સિટી પાસે નવા અભ્યાસક્રમો, કેમ્પસની બહારના કેન્દ્રો, કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો, સંશોધન ઉદ્યાનો અને અન્ય કોઈપણ નવા શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કરવાની સ્વતંત્રાતા હશે. તે તેને વિદેશી ફેકલ્ટીની નિમણુંક કરવાની, વિદેશી વિદ્યાર્થીઓની નોંધણી કરવાની, ફેકલ્ટીને પ્રોત્સાહક-આધારિત ઈમોલ્યુમેન્ટ્સ આપવા, શૈક્ષણિક સહયોગમાં પ્રવેશવાની અને ઓપન ડિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામ ચલાવવાની સ્વતંત્રતા પણ આપશે.

### નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી(NFSU)

ગુજરાત સરકાર દ્વારા ૨૦૦૮માં રચના કરવામાં આવી હતી. જે અગાઉ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી(GFSU) તરીકે ઓળખાતી હતી. જે ગાંધીનગરમાં આવેલી ગુજરાતની કેન્દ્રીય યુનિવર્સિટી છે. તે ફોરેન્સિક અને તપાસ વિજ્ઞાનને સમર્પિત છે અને સંસદના અધિનિયમ દ્વારા તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે. રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો ધરાવતી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે, જે ફોરેન્સિક, બિહેવિયરલ, સાયબર સિક્યુરિટી, ડિજિટલ ફોરેન્સિકસ અને સંલગ્ન વિજ્ઞાનને સમર્પિત છે. તેની સ્થાપના ભારત સરકાર દ્વારા એક્ટ, ૨૦૨૦(૨૦૨૦ના ૩૨) દ્વારા દેશમાં અને સમગ્ર વિશ્વમાં ફોરેન્સિક નિષ્ણાંતોની વધતી માંગ સામે તીવ્ર અછતને પૂર્ણ કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. ગુજરાત ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી પ્રથમ કેમ્પસ છે જે ગાંધીનગર ખાતે આવેલ છે. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી આઠ સ્કૂલમાં ૪૬ અભ્યાસક્રમો ચલાવી રહ્યું છે. જેમ કે, સ્કૂલ ઓફ ડોકટરલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સ્કૂલ ઓફ ફોરેન્સિક સાયન્સ, સ્કૂલ ઓફ સાયબર સિક્યુરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિકસ, સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સ્કૂલ ઓફ ફાર્મસી, સ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સ અને સ્કૂલ ઓફ ઓપન લર્નિંગ. દરેક શાળા દ્વારા ચલાવવામાં આવતા અદ્યતન અને વિશિષ્ટ અભ્યાસક્રમોને લીધે, તે હાલમાં ફકત અનુસ્નાતક સ્તરના શૈક્ષણિક કાર્યક્રમો પ્રદાન કરે છે. આ કેમ્પસમાં યોગ્ય સવલતો સાથે શિક્ષણ, સંશોધન અને તાલીમમાં શ્રેષ્ઠતા જાળવી રાખવાથી બહુવિધ વિદ્યાશાખાઓ અને કૌશલ્યોમાં સહયોગને પ્રોત્સાહન મળે છે.

શિક્ષણ ક્ષેત્રે જયારે ભારત આગેકુચ કરી રહ્યું છે. ત્યારે ગુજરાત રાજય પણ કદમથી કદમ માંડી આગળ વધી રહ્યું છે. ગુજરાતની સ્ટેટ-ઓફ-ધ-આર્ટ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ અહીંની સારી બાબતોની નોંધ લઈ પોતાના રાજ્યમાં પણ ઉચ્ચકક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ ઉભી કરવા પ્રયત્નો કરશે એ ઉદ્દેશ્ય સાથે આ મુલાકાત ખૂબ મહત્વની બની રહેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનશનથી વધીને કોઈ તપ નથી.

- તૈતિરીય આરણ્યક

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.દએ-૧૩૯૧, મુ. જિલ્કાદ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, જયેષ્ઠ સુદ-૨, તા.૧ જુન ૨૦૨૨, બુધવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧, મૃગશીર્ષ નક્ષત્ર, વ્યાઘાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ બપોરે ૧:૦૧ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વ્યાપાર-વાણિજયને લગતા કાર્યમાં સાફળતા મળે. પ્રિયજનથી મિલન થાય.
વૃષભ: લાભની તક સાંપડે. મનમાં ઉત્સાહ રહે. નવિન સામાચાર મળે.
મિથુન: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.
કર્ક : મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સામાચાર મળે.
સિંહ: ગૃહજીવનમાં ચકમક ઝરે. મનામાં અશાંતિ રહે.
કન્યા : અપયશના ભાગીદાર બનવું પડે. ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરવો હિતાવહ.
તુલા : મનમાં વ્યથા-દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
વૃશ્ચિક : ધીરજની કસોટી થાય. પરેશાની-તાકલીફમાં વધારો થાય.
ધન : મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
મકર : મહેનતનું શુભ ફળ મેળવી શકશો. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
કુંભ : ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
મીન : મનની મુરાદ બર ન આવે. વ્યર્થ ચિંતા રહે.

## આજે વર્લ્ડ મિલ્ક ડે, આહારમાં ઉત્તમ દુધ




### દૂધના ૧૦ સ્વાસ્થ્ય લાભો જે તમને ક્યારેય પીવાનું છોડી દેવાની ઈચ્છા નહીં કરાવે

- દૂધ કેલ્શિયમનો ઉત્તમ સ્ત્રોત છે.
- દૂધ સ્થૂળતાના જોખમને ઘટાડે છે.
- દૂધ તમારા દાંતને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે.
- દૂધ હાર્ટબર્નને રોકવામાં મદદ કરી શકે છે.
- દૂધ તમારી ત્વચાને ગ્લો કરવામાં મદદ કરે છે.
- દૂધ રોગો સામે લડવામાં મદદ કરી શકે છે.
- દૂધ ડિપ્રેશન સામે લડવામાં મદદ કરી શકે છે.

દૂધનું મહત્વ ભારતમાં જ નહીં પરંતુ દરેક દેશમાં છે. આ મહત્વના કારણે જ દર વર્ષે ૧ જૂને વર્લ્ડ મિલ્ક ડેની ઉજવણી થાય છે. આ દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે અને તેની શરૂઆત ક્યારથી થઈ ચાલો તે પણ જાણીએ. દૂધ દરેક ઘરના રસોડામાં મળતી અનિવાર્ય વસ્તુ છે. દરેક ઘરની શરૂઆત દૂધ વિના અધુરી રહી જાય છે. બીમારી આવે તો ડોક્ટર પણ દૂધ પીવાની સલાહ આપે છે. ઘરમાં નાનું બાળક હોય તો તેને પણ ચા કે અન્ય પીણા આપવાને બદલે દૂધ આપવાનો આગ્રહ રાખવામાં આવે છે. ૧ જૂન દિવસની ઉજવણી કરવા પાછળનું કારણ છે કે, દૂધના મહત્વને જન જન સુધી પહોંચાડી શકાય. દૂધ વિષે લોકોને જાગૃત કરી શકાય અને તેનું આપણા જીવનમાં શું મહત્વ છે તે પણ જાણી શકાય. સંયુકત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા ૧ જૂનને વિશ્વ સ્તરે વર્લ્ડ મિલ્ક ડે તરીકે ઉજવવાની ઘોષણા કરી. આમ કરવાનું કારણ કે દૂધને એક વૈશ્વિક ભોજન તરીકે કેન્દ્રિત કરી શકાય. દૂધમાં વિટામિન, કેલ્શિયમ, પ્રોટીન, પોટેશિયમ, ફોસ્ફોરસનો ભરપૂર ખજાનો હોય છે પણ તમને ખબર છે કે ઠંડા દૂધથી વધારે ગરમ દૂધ પીવાના ફાયદા થાય છે. બ્રેકફાસ્ટ હોય કે ડિનર દૂધ તમારા ડાયટનો મુખ્ય ભાગ હોય છે. દૂધથી તમારા શરીરને આરામ મળે છે અને શરીરને એક્ટિવ રાખવા માટે જરૂરી પોષક તત્વો પણ દૂધમાંથી મળે છે. દૂધ એ વિટામિન્સ અને મિનરલ્સ, ખાસ કરીને કેલ્શિયમનો ઉત્તમ સ્ત્રોત છે. તે હાડકાના સ્વાસ્થ્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ન્યુટ્રિશનિસ્ટ્સ ભલામણ કરે છે કે લોકો સંતુલિત આહારના ભાગ રૂપે દરરોજ દૂધ લેવું જોઈએ. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે પણ પશુ સંવર્ધન કેન્દ્ર આવેલ છે. તેમાં ગીર ગાય અને જાફરાબાદી ભેંસનું ભારતમાં એક માત્ર સંવર્ધન કેન્દ્ર આવેલ છે. ખાસ કરીકે ગીર ગાયનું દેશ -વિદેશમાં મોટું નામ છે. ૧૯૨૦માં શરૂ થયેલ પશુ સંવર્ધન કેન્દ્ર દ્વારા ગીર નસલની ઉત્તમ ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે. કુત્રિમ બીજદાન મારરૂત ગીર ગાયોમાં ૩૭ ટકા જેવો દૂધ વધારો મેળવે છે. જે ભારતીય કૃષિ અનુંસંધાન પરિષદ દ્વારા આપણા પ્રયત્નોની સરાહના કરવામાં આવેલ છે. તેવી જ રીતે જાફરાબાદી ભેંસમાં પણ ૨૬ ટકા જેવો દૂધ વધારો મેળવેલ છે. તદ ઉપરાંત આ કેન્દ્રને જાફરાબાદી બ્રીડ કન્ઝર્વેશનનો એવોર્ડ પણ મળેલ છે.

- ડો. જી.આર. ગોહિલ




ડોકટરે પાણી વધુ લેવાનું કહ્યું છે, માટે જ દરરોજ પાણીપુરી ખાવા આવું છું!



આઈપીએલ તો પુરી થઈ ગઈ, હવે વરસાદ ઉપર સટ્ટો રમશું ?

# શું લેપટોપ ચાર્જ કરતી વખતે તેનો ઉપયોગ કરવાથી કેન્સર થઈ શકે છે ?

મુંબઈ તા.૧

એક ઈન્સ્ટાગ્રામ હેન્ડલ સાથે વોટરમાર્ક ધરાવતો વીડિયો વ્હોટ્સએપ ઉપર ફરી રહ્યો છે. આ વીડિયોમાં, એક યુવક દાવો કરે છે કે જ્યારે તે પલંગ ઉપર બેસીને ચાર્જ થઈ રહેલા લેપટોપ ઉપર કામ કરી રહેલી યુવતીના ખભા પર હાથ મૂકે છે ત્યારે તેને ઈલેક્ટ્રિક આંચકો લાગ્યો હતો. આ બંને વ્યક્તિઓ બૂમ પાડે છે, અને યુવક શું થઈ રહ્યું છે તે જાણવાનો દાવો કરે છે. તે એક હેન્ડહેલ્ડ ઉપકરણ લાવે છે અને સ્ત્રીને તેનો હાથ તેની નજીક લાવવાનું કહે છે અને જ્યારે તેણી આવું કરે છે, ત્યારે ઉપકરણ કેટલાક કંપન ઉત્પન્ન કરે છે તેવું લાગે છે. આ પુરૂષ દાવો કરે છે કે તેની ત્વચા ઉપર માપી શકાય તેવો ઈલેક્ટ્રિક પ્રવાહ છે. આ વીડિયો યુવકના એવા દાવા સાથે સમાપ્ત થાય છે કે જ્યારે આવા ''કિરણોત્સર્ગ'' આપણા શરીરમાં જાયછે અને એકઠા થાય છે, ત્યારે તે કેન્સરનું કારણ બને છે. આ ક્લિપ વિદ્યુત ઈજાઓનો સંદર્ભ આપતી નથી જે ખામીયુક્ત ઉપકરણો અથવા પાવર લાઈનના સંપર્કને કારણે થઈ શકે છે.

**'ટચ કરંટ'**

જ્યારે તમે મેટલ કેસિંગ સાથે લેપટોપને સ્પર્શ કરો છો, જો તે ચાર્જ થઈ રહ્યું હોય તો તમને કેટલીકવાર નાની ઝણઝણાટની લાગણી અનુભવાય છે. આ લેપટોપના શરીરમાંથી નેગેટિવ ઈલેક્ટ્રિક કરંટ શરીરમાં વહેતા પ્રવાહનું પરિણામછે જેને સામાન્ય રીતે 'ગ્રાઉન્ડ' કહેવામાં આવે છે. પરંતુ આ પ્રવાહો ખૂબ જ હળવા છે અને તે મનુષ્યો માટે જોખમી નથી. તમારા લેપટોપના ચાર્જર અને તેના પાવર સ્ત્રોત વચ્ચેનું કનેક્શન એવું હોવું જોઈએ કે સ્ત્રોતમાંથી કરંટ લેપટોપમાં, તમામ સર્કિટ દ્વારા અને સ્ત્રોતમાં પાછો આવે, જે એક બંધ લૂપ બનાવે છે. આ કિસ્સામાં, ઈલેક્ટ્રોન નેગેટિવમાંથી પોઝિટિવ તરફ વહે છે. આ પ્રવાહ પછી લેપટોપની ધાતુની સપાટીને સ્પર્શતી વ્યક્તિના શરીરમાંથી જમીન ઉપર વહે છે. તેને ટચ કરંટ કહેવામાં આવે છે. તમારો પાવર સ્ત્રોત યોગ્ય રીતે ગ્રાઉન્ડ થયેલ છે તેની ખાતરી કરીને તમે આવા ટચ કરંટને અટકાવી શકો છો, જેમાં બે પિન સાથેના એકને બદલે ત્રણ-પિન પ્લગનો ઉપયોગ કરી શકાય છે. વોટ્સએપ વીડિયોમાં યુવક પોર્ટેબલ ડિવાઈસનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રિક ફિલ્ડની શક્તિ માપતો દેખાય છે. આ ઉપકરણ ઈલેક્ટ્રોમેગ્નેટિક ફીલ્ડ (EMF) મીટર છે. ટેકનિકલ નિષ્ણાતો ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશનનું પ્રમાણ શોધવા અને માપવા માટે EMF મીટરનો ઉપયોગ કરે છે. આ માપન સ્ત્રોત મીટરની નિકટતાના આધારે બદલાશે - આ કિસ્સામાં, લેપટોપ માટે તે સ્પષ્ટ નથી કે કેવી રીતે લેપટોપને બીજા સાથે સ્પર્શ કરતી વખતે એક હાથ EMF મીટરની નજીક રાખવાથી તેના વાંચનમાં ફેરફાર થાય છે. સ્પર્શ પ્રવાહો EMF મીટર ઉપર વાંચનને પ્રભાવિત કરવા માટે ખૂબ હળવા હોય છે. આ વીડિયોમાં, સ્ત્રી મોટેથી મીટર રીડિંગ બોલે છે: ''૦, ૧, ૨.... બહુ ઓછું'', ત્યારબાદ ''૩૦૦''. જોકે, તેણીએ એકમોનો ઉલ્લેખ કર્યો નથી. અને જ્યારે શરીર કિરણોત્સર્ગનું ઉત્સર્જન કરે છે, ત્યારે તે ઉત્સર્જનની સ્થિતિને આધારે ફ્રીક્વન્સીઝની શ્રેણીમાં આવું થઈ શકે છે. ફ્રીક્વન્સીઝની આ શ્રેણીને આપણે ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ તરીકે જાણીએ છીએ. ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોમાં રેડિયો ટ્રાન્સમિશન, દૃશ્યમાન પ્રકાશ, એક્સ-રે અને ગામા કિરણોનો સમાવેશ થાય છે. એક્સ-રે અને ગામા કિરણો જેવા ઉચ્ચ આવર્તન કિરણોત્સર્ગને આયનાઈઝિંગ રેડિયેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેમના દરેક તરંગો ઉચ્ચ ઊર્જાના અણુઓમાંથી ઈલેક્ટ્રોન રિલીઝ કરી શકે છે. જ્યારે આવું થાય છે, ત્યારે અણુ આયન બની જાય છે અને શરીરની અંદર ફેરફારોને માપી શકે છે. આથી જ ગામા



કિરણોના નોંધપાત્ર ડોઝના સંપર્કમાં આવવાથી ડીએનએને નુકસાન થઈ શકે છે અને સંભવિત રીતે કેન્સર થઈ શકે છે, આ જ કારણ છે કે ભારતમાં અણુ ઊર્જા નિયમનકારી બોર્ડ દ્વારા આયોનાઈઝિંગ સંપર્કને સખત રીતે નિયંત્રિત કરવામાં આવે છે. કિરણોત્સર્ગના તરંગો ઊર્જાનું વહન કરે છે જે અણુઓને આયનાઈઝ કરવા માટે પૂરતા નથી તેને બિન-આયનાઈઝિંગ રેડિયેશન કહેવામાં આવે છે. તમામ ઈલેક્ટ્રિક ટ્રાન્સમિશન લાઈન, ઈલેક્ટ્રિકલ વાયરિંગ અને ઉપકરણો ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગો બહાર કાઢે છે. ભારતમાં, તે ૫૦ હટ્ર્ઝના આવર્તન ઉપર કામ કરે છે, જે ઉપયોગિતા આવર્તન તરીકે ઓળખાય છે. ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમમાં તેને 'અત્યંત ઓછા આવર્તન' (ELF) ગણવામાં આવે છે. આવા તરંગો શરીરની અંદર અણુઓનું આયનીકરણ કરવામાં અસમર્થ હોય છે. હકીકતમાં, તેમના તરંગોમાં દૃશ્યમાન પ્રકાશ કરતાં ઓછી ઊર્જા હોય છે.

**શું EMF રેડિયેશન કેન્સરનું કારણ બને છે ?**

એવી કોઈ જાણીતી પદ્ધતિ નથી જેના દ્વારા બિન-આયનાઈઝિંગ રેડિયેશન કેન્સરનું જોખમ છે તે રજૂ કરી શકે. ઘણા અભ્યાસોમાં ELF કિરણોત્સર્ગ અને કેન્સરના સંપર્ક વચ્ચેની કડીની શક્યતા તપાસવામાં આવી છે. તેઓએ આ દાવા માટે કોઈ પુરાવા આપ્યા નથી કે ELF રેડિયેશનના સંપર્કમાં આવવાથી પુખ્ત માનવીઓમાં કેન્સર થઈ શકે છે. બાળપણના લ્યુકેમિયા સાથે ELF ચુંબકીય ક્ષેત્રના એક્સપોઝરને જોડતા પુરાવા પણ ઓછા છે પરંતુ ઘણા વૈજ્ઞાનિકોએ આ દાવાઓને પણ રદિયો આપ્યો છે. આધુનિક જીવનમાં વીજળી અને ઈલેક્ટ્રિક અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો સર્વવ્યાપક બની ગયા છે. ટીવી, રેફ્રિજરેટર્સ, એરકંડિશનર વગેરે જેવા ઈલેક્ટ્રિક ઉપકરણો ફક્ત ELF રેડિયેશન ઉત્સર્જિત કરે છે અને લેપટોપ અને સ્માર્ટફોન ચાર્જિંગ (અથવા ડિસ્ચાર્જિંગ) પણ આવું જ કરે છે. પરિણામે, ELF રેડિયેશનના ચોક્કસ સ્તરના સંપર્કમાં આવવું અનિવાર્ય બની ગયું છે. પરંતુ તેનાથી કેન્સર થશે તેવી શંકા કરવાનું કોઈ કારણ નથી. માટે આ વ્હોટ્સએપ વીડિયો જે ચિંતાજનક દાવા કરે છે તેને વાજબી ઠેરવવા માટે વૈજ્ઞાનિક રીતે કોઈ પુરાવા નથી કે લેપટોપ ચાર્જ કરતી વખતે તેનો ઉપયોગ કરવાથી કેન્સર થાય છે.

# ગુમ થતાં બાળકોના કેસોમાં અનેકગણો વધારો : NGOએ સંવેદનશીલતા અને તકેદારી રાખવાની ભલામણ કરી

જયપુર તા.૧

બાળ અધિકાર માટેના એનજીઓએ કોવિડ-૧૯ની સામાજિક અસરને કારણે છેલ્લા બે વર્ષમાં ગુમ થયેલા બાળકોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે એવું દર્શાવ્યું છે. આ પરિસ્થિતિને વધુ વણસતી અટકાવવા માટે, સંગઠનોએ ગ્રામ્ય સ્તરે બાળ સુરક્ષા સમિતિઓને તાત્કાલિક મજબૂત કરવા, માતાપિતાને સંવેદનશીલ બનાવવા અને તેઓને તાલીમ આપવા માટે હાંકલ કરી છે અને સરકારને તેના માટે પર્યાપ્ત બજેટની ફાળવણી કરવા માટે વિનંતી કરી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના તાજેતરના આંકડાઓ મુજબ, ૨૦૨૦માં ભારતમાં ૫૯,૨૬૨ બાળકો ગુમ થયા હતા. પાછલા વર્ષોની સરખામણીમાં ગુમ થયેલા બાળકોની કુલ સંખ્યા વધીને ૧,૦૮,૨૩૪ થઈ ગઈ છે. એનસીઆરબી એ જણાવ્યું હતું કે ૨૦૦૮ અને ૨૦૨૦ની વચ્ચે વાર્ષિક ધોરણે નોંધાયેલા બાળકોના ગુમ થવાના કેસોની સંખ્યામાં લગભગ ૧૩ ગણો વધારો થયો છે. આ ડેટા મુજબ, ૨૦૦૮માં બાળકોના ગુમ થવાના ૭,૬૫૦ કેસ નોંધાયા હતા. છેલ્લા બે વર્ષમાં, બચપન બચાવો આંદોલન (BBA) ફાઉન્ડેશનની સંસ્થાએ સમગ્ર દેશમાંથી લગભગ ૧૨,૦૦૦ બાળકોને બચાવ્યા છે. તેમણે પીટીઆઈને જણાવ્યું હતું કે, આ રોગચાળા પછી બાળકોની હેરાફેરીમાં અનેકગણો વધારો થયો છે તે દર્શાવવા માટે આ પૂરતો પુરાવો છે. NGO ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ (CRY)ના નવા અહેવાલ મુજબ, ૨૦૨૧માં મધ્ય પ્રદેશમાં સરેરાશ ૨૯ અને રાજસ્થાનમાં ૧૪ બાળકો દરરોજ ગુમ થતા હતા. કેટલાક બાળકોની તેમના માતા-પિતાની સંમતિથી તસ્કરી કરવામાં આવી હતી જયારે કેટલાક અન્ય સ્વેચ્છાએ તસ્કરો સાથે ગયા હતા. આખરે, આમાંના મોટા ભાગના બાળકો ગુમથયા છે. તેમણે રેલ્વે, રોડવેઝ અને અન્યના કર્મચારીઓને વિનંતી કરી હતી કે જો તેઓ કોઈ સાથે ન હોય તેવા બાળક અથવા જાહેર પરિવહન પ્રણાલિમાં ભીખ માંગતું બાળક દેખાય તો તરત જ દરમિયાનગીરી કરવી જોઈએ. ત્યારબાદ, આવા બાળકોને સરકારની સુરક્ષા છત્ર હેઠળ મૂકવા જોઈએ. સેવ ધ ચિલ્ડ્રનનાં ચાઈલ્ડ પ્રોટેકશનનાં ડેપ્યુટી ડાયરેક્ટર પ્રભાત કુમારે જણાવ્યું હતું કે, બાળકોના ગુમ થવાનું કે તસ્કરીનો ભોગ બનવાનું એક મોટું કારણ ગરીબી છે. તેમણે કહ્યું હતું કે કોવિડ-૧૯ને લીધે લાગુ કરવામાં આવેલ લોકડાઉન અને પ્રતિબંધોને કારણે શાળામાં અભ્યાસ ન થવાથી અથવા અન્ય પ્રવૃત્તિઓમાં સાતત્યના અભાવને કારણે આ પરિસ્થિતિ વધુ વણસી છે. CRYના પ્રાદેશિક નિર્દેશક સોહા મોઈત્રાએ જણાવ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં ઘણા પરિવારો પહેલેથી જ દેવામાં છે અને રોગચાળાને કારણે આર્થિક બોજ વધ્યો છે. લોન પાછી આપવાનું દબાણ આવા પરિવારોના બાળકોની મજૂરી અને લગ્ન માટે તસ્કરીમાં ફાળો આપે છે. તેણીએ કહ્યું કે ફેસ માસ્કનો ફરજિયાત ઉપયોગ ઘણીવાર તસ્કરો અને અપહરણકર્તાઓને ઓળખવાનું મુશ્કેલ બનાવે છે. સ્થાનિક વહીવટી સંસ્થાઓ અને નાગરિક સમાજ સંગઠનો સાથે મળીને અને સંબંધિત સરકારી વિભાગોએ રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે બાળકોના શિક્ષણના મહત્ત્વ ઉપર નિયમિત જાગૃતિ લાવવા આગળ આવવું જોઈએ. ૨૦૨૦માં, લગભગ ચાર મહિના માર્ચથી જૂન સુધી સંપૂર્ણ રાષ્ટ્રવ્યાપી લોકડાઉન હોવા છતાં ૫૯,૨૬૨ બાળકો (૧૩,૫૬૬ છોકરાઓ, ૪૫,૬૮૭ છોકરીઓ, નવ ટ્રાન્સજેન્ડર બાળકો) ગુમ થયા હતા. NCRBના ડેટા અનુસાર, ગુમ થયેલી છોકરીઓનો હિસ્સો ૨૦૧૮માં લગભગ ૭૦ ટકાથી વધીને ૨૦૧૯માં ૭૧ ટકા અને ૨૦૨૦માં ૭૭ ટકા થયો છે. બીજી તરફ, પાછલા વર્ષોમાં શોધી ન શકાય તેવા બાળકોનો હિસ્સો ૨૦૧૮માં લગભગ ૪૨ ટકા, ૨૦૧૯માં ૩૯ ટકા અને ૨૦૨૦માં ૪૫ ટકા હતો.

# ઓર્ગેનિક ખેતી નવો મંત્ર છે, પ્રગતિશીલ ભારતના ખેડૂતો પહેલાથી જ તેને અપનાવી ચૂક્યા છે : PM મોદી



ગાંધીનગર તા.૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં સહકારી ક્ષેત્રના સેમિનારમાં ખેડૂતોને ઓર્ગેનિક ખેતી (જૈવિક ખેતી) કરવા અપીલ કરતા જણાવ્યું હતું કે ખાતર માટે ભારતની વિદેશી દેશો ઉપર ભારે નિર્ભરતા ચિંતાનું કારણ છે. તેમણે ગુજરાતમાં નેનો યુરિયા ફેક્ટરીનું પણ ઉદઘાટન કર્યું અને કહ્યું કે નજીકના ભવિષ્યમાં દેશના અન્ય ભાગોમાં આવી આઠ ફેક્ટરીઓ શરૂ કરવામાં આવશે. પીએમએ કહ્યું કે સરકારે એક વર્ષમાં ખાતર માટે ૧,૬૦,૦૦૦ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. તેમણે કહ્યું કે ખેડૂતોને ૨,૦૦,૦૦૦ કરોડ રૂપિયાની રાહત આપવામાં આવી છે. અમે ખાતર માટે અન્ય દેશો ઉપર ખૂબ નિર્ભર છીએ. યુરિયાની આપણી કુલ જરૂરિયાતના લગભગ ૨૫ ટકા બહારથી આવે છે. તેમણે કહ્યું કે પોટાશ અને ફોસ્ફેટ માટે તે ૧૦૦% છે. છેલ્લા કેટલાક સમયથી ભાવમાં વધારો થયો હતો. હવે યુક્રેન યુદ્ધ ફાટી નીકળ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારો અસ્થિર છે, આપણી નિર્ભરતા વધારે છે. પરંતુ અમારી સરકારે નક્કી કર્યું છે કે અમે પડકારોનો સામનો કરીશું, પરંતુ ખેડૂતો ઉપર તેની અસર થવા દઈશું નહીં. અમે ભારતમાં ખાતરની કોઈ મોટી કટોકટી થવા દીધી નથી. યુરિયાનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે યુરિયાની એક બોરીની વાસ્તવિક કિંમત ૩,૫૦૦ રૂપિયા છે, પરંતુ તે જ થેલી ખેડૂતોને ૩૦૦ રૂપિયામાં આપવામાં આવે છે. સરકાર દ્વારા રૂ.૩,૨૦૦ (દીઠ બેગ)થી વધુનો ખર્ચ ઉઠાવવામાં આવે છે. ખેડૂતોને ઓર્ગેનિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરતા મોદીએ કહ્યું શું આપણે આપણા ખેડૂતોને કોઈપણ વિદેશી ખાતર ઉપર ખૂબ જ નિર્ભર બનાવી શકીએ? શું આપણે આનો ઉકેલ ન શોધવો જોઈએ? ભૂતકાળમાં પણ સરકારોએ આનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ ઉકેલો અલ્પજીવી હતા. છેલ્લા આઠ વર્ષોમાં, અમે લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના ઉકેલો પર કામ કર્યું છે. બાયોફ્યુઅલ, ગ્રીન હાઈડ્રોજન, નેનો ઈંધણ, ઓર્ગેનિક ફાર્મિંગ-આ બધા ટકાઉ ઉકેલનો ભાગ છે. ગુજરાતના ખેડૂતો પ્રગતિશીલ છે, જોખમ લેવા તૈયાર છે. અહીં ખેડૂતોએ ઓર્ગેનિક ખેતી તરફ પોતાની સફર શરૂ કરી છે. ખાતરના કારખાનાઓને ફરીથી શરૂ કરવાની પહેલ વિષે વાત કરતાં તેમણે કહ્યું કે બિહાર, ઓડિશા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ અને તેલંગાણામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# ૨૦૨૨ની રાષ્ટ્રપતિ ચૂંટણી ભાજપ માટે પડકાર ઊભો કરી શકે છે

નવી દિલ્હી, તા.૧

ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથકોવિંદનો કાર્યકાળ ૨૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે, આગામી રાષ્ટ્રપતિની ચૂંટણી ટૂંક સમયમાં યોજાશે. જો કે, આ ચૂંટણી ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) માટે એક પડકાર છે કારણ કે તેને મતદાન માટે બહુમતીના આંક સુધી પહોંચવા માટે અન્ય રાજકીય પક્ષોની મદદની જરૂર પડશે. તાજેતરમાં ચૂંટણીમાં પાંચમાંથી ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ જીતી હોવા છતાં, એનડીએ પાસે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે જરૂરી મતોની સંખ્યાથી ઓછી છે કારણ કે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ બંનેમાં ભગવા પક્ષના ધારાસભ્યોની સંખ્યામાં ઘટાડો થયો છે. ઉત્તરપ્રદેશમાં, ભાજપ અને તેના સહયોગી અપના દળે ૩૨૩ વિધાનસભા બેઠકો જીતી હતી, જોકે, તાજેતરમાં યોજાયેલી ચૂંટણી પછી, એનડીએનું સંખ્યાબળ ઘટીને ૨૭૩ થઈ ગયું છે. તેવી જ રીતે, ઉત્તરાખંડમાં, ભાજપનું સંખ્યાબળ ૫૬થી ઘટીને ૪૭ થઈ ગયું છે.

**ભારતમાં રાષ્ટ્રપતિ કેવી રીતે ચૂંટાય છે ?**

ભારતમાં, સંસદસભ્યો અને ધારાસભ્યો બંનેના બનેલા ઈલેક્ટોરલ કૉલેજ દ્વારા પ્રમુખ પરોક્ષ રીતે ચૂંટાય છે. આ ચૂંટણીમાં સાંસદના મતનું મૂલ્ય ૭૦૮ છે જયારે, ધારાસભ્યના મતનું મૂલ્ય રાજયની વસ્તી અને રાજ્ય વિધાનસભાના ધારાસભ્યોની સંખ્યા એ બંને ઉપર આધાર રાખે છે. યુપીના ધારાસભ્યોનું મતનું મૂલ્ય દેશમાં સૌથી વધુ હોવાથી રાજય વિધાનસભામાં ભાજપની સંખ્યા ઘટવાથી ભગવા પક્ષ માટે ચૂંટણી મુશ્કેલ બની શકે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઈલેક્ટોરલ કૉલેજનું કુલ મત મૂલ્ય ૧૦૯૩૩૪૭ છે. હાલમાં એનડીએ પાસે કુલ ઈલેક્ટોરલ કૉલેજના કુલ મત-મૂલ્યના ૪૮.૮ ટકા છે. જો કે, રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે, ઉમેદવારને કુલ મત-મૂલ્યના ઓછામાં ઓછા ૫૦ ટકાની જરૂર પડે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવામાં ભાજપને કોણ મદદ કરી શકે ? ઈલેક્ટોરલ કૉલેજના કુલ મતના મૂલ્યમાં નોંધપાત્ર હિસ્સો ધરાવતા પ્રાદેશિક પક્ષો છે, તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી), આમઆદમી પાર્ટી, તેલંગાણા રાષ્ટ્રસમિતિ (ટીઆરએસ), વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (વાયએસઆરસીપી) અને બીજુ જનતા દળ (બીજેડી). જેમાં આપ પાસે ૧ ટકા, ટીએમસી પાસે ૩.૦૫ ટકા, વાયએસઆરસીપી પાસે ૪ ટકા, ટીઆરએસ પાસે ૨.૨ ટકા અને બીજેડી પાસે લગભગ ૩ ટકા જેટલું મતનું મૂલ્ય છે. તેમાંથી, આપ, ટીએમસી અને ટીઆરએસ ભગવા પક્ષ સાથે વૈચારિક મતભેદોને કારણે ભાજપના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને સમર્થન આપે તેવી શક્યતા નથી. જો કે ભાજપને જગનમોહનરેડ્ડી અથવા નવીન પટનાયકનું સમર્થન મળી શકે છે. અગાઉ પણ, વાયએસઆરસીપી અને ભાજપે નાગરિકતા સંશોધન બિલ પસાર કરવા અને કલમ ૩૭૦ નાબૂદ કરવા દરમ્યાન ભગવા પક્ષને ટેકો આપ્યો હતો. તેનો અર્થ એ છે કે એનડીએ એકલા હાથે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી શકશે નહીં. ભાજપે જગન મોહન કે નવીન પટનાયકની મદદ લેવી પડશે.

# રાજ્યના કેટલાક ભાગોના માછીમારોને દરિયો નહીં ખેડવા ફરી હવામાન વિભાગની ચેતવણી

## આવનારા દિવસોમાં કેરળની સાથે-સાથે કર્ણાટક અને મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોમાસું આગળ વધશે

અમદાવાદ,તા.૧

કેરળમાં ચાર દિવસ વહેલું નૈઋત્યના ચોમાસાનું આગમન થયુ છે. ત્યારે હવે ગુજરાતના ખેડૂતોને પણ ચોમાસાની વધુ રાહ જોવી નહીં પડે. એક અંદાજ પ્રમાણે ગુજરાતમાં ચોમાસા માટે હજુ થોડી રાહ જોવી પડશે. રાજ્યમાં ૨૦ જૂનની આસપાસ ચોમાસાનું આગમન થાય તેવી વકી છે. ત્યારે હવામાન વિભાગ આગામી ૪૮ કલાકમાં ઓબ્ઝર્વેશન કરીને ચોમાસાની તારીખ નક્કી કરશે. તો બીજી બાજુ રાજયના દરિયાકાંઠે હવાની ઝડપ ૫૦ કિ.મી. પ્રતિ કલાક રહી શકે છે. જેથી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી છે. કચ્છ, મુન્દ્રા, નવા કંડલા, જખૌ, નવલખી, જામનગર, ઓખા, સલાયા, પોરબંદર સહિતના દરિયામાં ૪૦ થી ૫૦ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. પવનની ઝડપ અસ્થાયી રૂપે ૬૦ કિમિ પ્રતિ કલાક સુધી પહોંચી શકે તેવી પણ સંભાવના રહેલી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસમાં વધારો થવાની સંભાવના ઓછી છે. ૨૯ મેના રોજ ચોમાસાની સત્તાવાર રીતે કેરાલામાં એન્ટ્રી થઈ ગઈ છે. હવામાન વિભાગનું કહેવુ છે કે, સમય કરતા ત્રણ દિવસ પહેલા ચોમાસાનું આગમન થયુ છે આવનારા દિવસોમાં કેરાલાની સાથે સાથે કર્ણાટક અને મહારાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારોમાં ચોમાસુ આગળ વધશે. આ પહેલા હવામાન વિભાગ કહી ચુકયુ હતુ કે, બંગાળની ખાડીમાં આવેલા આસની નામના તોફાનના પ્રભાવના કારણે આ વખતે ચોમાસું સમય પહેલા કેરાલા પહોંચે તેવી શક્યતા છે.

# ભારત-બાંગ્લાદેશ ટ્રેન સેવાઓ બે વર્ષ પછી ફરી શરૂ થઈ

નવી દિલ્હી, તા.૧

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પેસેન્જર ટ્રેનસેવાઓ રવિવારે બે વર્ષના અંતરાલ પછી ફરી શરૂ થઈ કારણ કે પડોશી દેશના ખુલના જતા રસ્તે કોલકાતા સ્ટેશનથી બંધન એક્સપ્રેસને લીલી ઝંડી ફરકાવી રવાના કરવામાં આવી હતી, એક પૂર્વીય રેલ્વે અધિકારીએ અહીં જણાવ્યું હતું. મૈત્રી એક્સપ્રેસ પણ રવિવારે કોલકાતા અને ઢાકા વચ્ચે ફરી સેવા શરૂ કરવાની છે અને માર્ચ ૨૦૨૦ પછી અહીંથી પ્રથમ પ્રવાસ ઉપર સોમવારે સવારે બાંગ્લાદેશની રાજધાની રવાના થઈ હતી. એમ તેમણે જણાવ્યું હતું. રોગચાળાને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પેસેન્જર ટ્રેન સેવાઓ બે વર્ષથી બંધ કરવામાં આવી હતી જે સવારે ૭.૧૦ વાગ્યે કોલકાતા સ્ટેશનથી બંધન એક્સપ્રેસને ફલેગ ઓફ કરીને ફરી શરૂ કરવામાં આવી હતી, ઈઆર પ્રવક્તા એકલવ્ય ચક્રવર્તીએ જણાવ્યું હતું. બંધન એક્સપ્રેસ કોલકાતા અને ખુલના વચ્ચે અઠવાડિયામાં બે દિવસ જ્યારે બાંગ્લાદેશની રાજધાની કોલકાતાને જોડતી મૈત્રી એક્સપ્રેસ પાંચ દિવસ ચાલે છે. સુવિધા અને પરવડે તેવા અનુકૂળ સમયપત્રકને લીધે લોકો બસ અને એર જેવા અન્ય પરિવહન સાધન કરતા ટ્રેનની મુસાફરી વધુ પસંદ કરે છે, તેમણે કહ્યું. ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ન્યુ જલપાઈગુડી અને ઢાકા વચ્ચે મિતાલી એક્સપ્રેસના ઉદઘાટન સાથે ૧ જૂનથી પશ્ચિમ બંગાળ દ્વારા ભારત-બાંગ્લાદેશ ટ્રેન કનેક્ટિવિટીને વધુ એક પ્રોત્સાહન મળશે. નવી સેવા ઉત્તર પશ્ચિમ બંગાળમાં પર્યટનને પણ વેગ આપશે કારણ કે બાંગ્લાદેશના ઘણા પ્રવાસીઓ દાર્જિલિંગની ટેકરીઓ અને તળેટીમાં આવેલા ઢોળાવના જંગલો અને ચાના બગીચાઓનું અન્વેષણ કરવામાં ઊંડો રસ દાખવે છે, એમ તેમણે જણાવ્યું હતું.

# દાવોસમાં મનસુખ માંડવિયા સાથે બિલ ગેટ્સે કરી મુલાકાત

## ટ્વિટમાં મનસુખ માંડવિયાએ લખ્યું, અમે સ્વાસ્થ્ય સેવા સાથે સંબંધિત વિષયોની વિસ્તૃત શ્રૃંખલા ઉપર ચર્ચા કરી

નવી દિલ્હી, તા.૧

દાવોસમાં હાલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક ચાલી રહી હતી, જેમાં ભારત તરફથી પ્રતિનિધિત્વ કરી રહેલા ત્રણ કેન્દ્રિય મંત્રીઓ પીયૂષ ગોયલ, હરદીપસિંહ પુરી અને મનસુખ માંડવિયાએ ભાગ લીધો હતો. આ દરમ્યાન માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા સાથેની બેઠકમાં ભારતના રસીકરણ અભિયાનની ભરપૂર પ્રશંસા કરી હતી. તમને જણાવી દઈએ કે, સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં પાંચ દિવસ ચાલેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક સમાપ્ત થઈ ગઈ છે. કોવિડ-૧૯ મહામારીને કારણે લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે WEFની વાર્ષિક બેઠક અઢી વર્ષ પછી યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં અનેક દેશોના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયાએ બિલ ગેટ્સની સાથે બેઠકની એક તસવીર ટ્વિટર ઉપર શેર કરી છે અને લખ્યું છે કે, WEF-૨૨ ઉપર બિલ ગેટ્સની સાથે વાતચીત કરીને આનંદ થયો. બિલ ગેટ્સે ભારતે કોરોના મહામારીના સમયગાળા દરમ્યાન કરેલા કામો અને દેશમાં મોટાપાયે કોરોના રસીકરણના પ્રયાસોને વખાણ્યા હતા. અન્ય એક ટ્વિટમાં મનસુખ માંડવિયાએ લખ્યું અમે સ્વાસ્થ્ય સેવા સાથે સંબંધિત વિષયોની એક વિસ્તૃત શ્રૃંખલા ઉપર ચર્ચા કરી, જેમાં ડિજિટલ સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા, રોગનિયંત્રણ પ્રબંધન અને સસ્તી અને ગુણવત્તાયુક્ત તબીબી ઉપકરણોના વિકાસને મજબૂત બનાવવા જેવી ચીજો સામેલ છે.

રાજકોટ નાગરીક સહકારી બેંક લિ.ના કબ્જા હેઠળની

# સાસણની મિલ્કતમાંથી દીપડીના નવજાત બચ્ચાનો રેસ્કયુ કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૧

ફકત બેંકીંગ જ નહીં પરંતુ સામાજીક ઉત્તરદાયિત્વ સાથે કાર્ય કરતી રાજકોટ નાગરીક સહકારી બેંક લિ. દ્વારા પ્રાણી પ્રેમ અને જીવદયા અભિગમ સાથેના કાર્યનો વધુ એક પ્રયાસ કરાયેલ છે. આ અંગેની વિગત જોઈએ તો રાજકોટ નાગરીક સહકારી બેંક લિ.ની જૂનાગઢ શાખા દ્વારા સાસણમાં આવેલ પ્લાઝમા એજયુકેશનને ધિરાણ કરવામાં આવેલ હતું. થોડા સમય બાદ આ ખાતુ એનપીએ થયું હતું અને કલેકટરના હુકમથી ડિફોલ્ટરની તેમ મિલ્કતનો કબ્જો રાજકોટ નાગરીક સહકારી બેંક લિ.ને સોંપાયેલ હતો. બેંકે આ મિલ્કતના વેચાણની કાર્યવાહી હાથ ધરી હતી અને તે કાર્યવાહીના અંતિમ દોરમાં મિલ્કતના સ્થળે જતા બહારની બાજુએ દીપડીના પગલાની છાપ જોવા મળી હતી. આથી ઉપસ્થિત અધિકારીઓ ચિંતા, ડર સાથે સાવચેત બન્યા હતા. ધીમે ધીમે આગળ વધતા મિલ્કતની અંદરની બાજુએ દીપડીના બે બચ્ચા જોવા મળ્યા હતા. બેંકે તુરત જ મિલ્કત વેચાણની કાર્યવાહી અટકાવી, દીપડીના બે બચ્ચાને સહી સલામત રીતે જંગલમાં મુકવા માટે વનવિભાગને જાણ કરી હતી. જેથી વનવિભાગના તાલાળા રેન્જ, ગીર પશ્ચિમ વનવિભાગના સ્ટાફ પૈકી એસીએફ એસ.ટી. કોટડીયા, આરએફઓ કૌશિકભાઈ ખેરના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર પ્રવિણભાઈ બાકુ, બીટ ગાર્ડ રહીમભાઈ બ્લોચ, ટ્રેકર સુરેશભાઈ બાખલખીયા, ટ્રેકર હાનમહંમદ બ્લોચ, સુનીલભાઈ રાવલજોગી વગેરેએ સત્વરે સ્થળે આવી દીપડીના એક માસના બે બચ્ચાને અને થજોડાજ સમયમાં દીપડીને પણ માવજત સાથે રેસ્કયુ કર્યા હતા. આ તકે વનવિભાગે બેંકના પ્રાણી પ્રેમની પ્રશંસા કરી હતી.

જૂનાગઢ જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લિ.ની

# શ્રી સાવજ ડેરી દ્વારા રૂા.૧૦ના વધારા સાથે દુધ ખરીદ ભાવ રૂા.૭૩૦/- કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢ દુધ સંઘના ચેરમેન દિનેશભાઈ ખટારીયાના જણાવ્યા પ્રમાણે તા.૧-૬-૨૨થી શ્રી સાવજ જૂનાગઢ જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. દ્વારા દુધ ખરીદ ભાવમાં રૂા.૧૦ વધારીને રૂા.૭૩૦/- પ્રતિ કિલોગ્રામ ફેટ કરાયો છે. હાલમાં દુધ ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ મળી રહે તેમજ દુધ ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને ધ્યાને લઈ ચેરમેન તથા વ્ય. કમીટી દ્વારા ઉપરોકત નિર્ણય લેવામાં આવેલ છે. આ જાહેરાતના પગલે પશુપાલકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. દુધ સંઘના ચેરમેન દિનેશભાઈ ખટારીયા દ્વારા પશુપાલકોને શુધ્ધ અને ભેળસેળમુકત દુધ ખરીદ કરી દુધસંઘમાં મોકલવા માટે અપીલ કરી છે. હાલમાં અમુક લેભાગુ તત્વો દ્વારા દુધમાં ટુંકા રસ્તો વધારે કમાણી કરી પશુપાલકોને બદનામ કરવામાં આવી રહયા છે જે અટકાવી આવી વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

ચોમાસાની તૈયારી માટે આયોજન

# જૂનાગઢની તમામ ગટર, વોકળાની સફાઈ સહિતની કામગીરી માટે મહત્વની બેઠક મળી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢ મહાનગરના નગરજનોની પ્રાથમિક સુવિધામાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ જૂનાગઢ મહાનગરની તમામ ગટર, વોકળા, નાલાને ચોમાસા પહેલા આગોતરા આયોજન સબબ સફાઈ કરી ચોમાસાનું પાણી ગટરમાં ઉતરે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવી તેમજ જે જગ્યાએ ગટરના ઢાંકણા તુટી ગયેલા હોય તેને તાત્કાલીક બદલવા તેમજ ઢાંકણા નાખવામાં આવેલ છે તેને જમીન સાથે સમથળ કરવા અંગે જૂનાગઢ મહાનગરપાલિકા કચેરી ખાતે ગટર વ્યવસ્થા સમિતિના ચેરમેન ભાવનાબેન જીતુભાઈ હીરપરા દ્વારા ગટર શાખાના કર્મચારી, ભુગર્ભ ગટર, સફાઈ કામગીરીના સુપરવાઈઝર તેમજ અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે એક મહત્વની બેઠક બોલાવી હતી.

આ બેઠકમાં જૂનાગઢ મહાનગરમાં જે ગટરની કામગીરી સબબ રોડ તુટી ગયેલ છે તેને ચોમાસા પહેલા રીપેરીંગ, પેચવર્ક તેમજ સમથળ કરવા તેમજ તમામ ગટર, વોકળા, નાલાની સફાઈ કરી અને વરસાદી પાણી ન રોકાય તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સમિતિના ચેરમેન ભાવનાબેન હીરપરા દ્વારા ગટર તથા રોડને લગતા તમામ કર્મચારીઓને સુચના આપવામાં આવેલ અને જેમ બને તેમ વહેલી તકે ચોમાસા પહેલા આ કામગીરી પુર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે.

# જુના જનસંઘી અને ભાજપના આગેવાન રામશીભાઈ ભેટારીયાનો આજે જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢના જીલ્લાના જુના જનસંઘી અને ભાજપના આગેવાન તેમજ સાવજ ડેરીના પુર્વ ચેરમેન રામશીભાઈ ભેટારીયાનો આજે તા.૧ જુનના રોજ ૬૮ મો જન્મદિવસ હોય તેમની ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.



મુળ વંથલી તાલુકાના ટીકર ગામના ખેડુત પુત્ર રામશીભાઈ ભેટારીયાને બાલ્યકાળથી રાષ્ટ્રીય ભાવનાનો રંગ લાવ્યો હતો અને જનસંઘના સ્થાપના કાળમાં જોડાયા હતા. અને આ વિસ્તારમાં જનસંઘને મજબુત બનાવ્યું હતું. તેમના ઉમદા વિચારોથી પ્રેરાઈને ભાજપએ વંથલી તાલુકા ભાજપ પ્રમુખની જવાબદારી તેમને સોંપી હતી. સંગઠનમાં સરાહનીય કામને ધ્યાનો લઈ વંથલી તાલુકા પંચાયતના પ્રમુખની જવાબદારી પણ સોંપી હતી તે બખુબી નિભાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના આશીર્વાદથી રામશીભાઈ ભેટારીયાએ જૂનાગઢ જીલ્લા દુધ ઉત્પાદક સંઘની સ્થાપના કરી અને ગણતરીના વર્ષોમાં સ્વભંડોળમાંથી ખોખરડા ખાતે અંદાજે ૭૦ કરોડનો પ્રોસેસ પ્લાન્ટ સ્થાપ્યો હતો. આજે પણ વડાપ્રધાન મોદીની ગુડ બુકમાં રામશીભાઈ ભેટારીયાનું નામ સામેલ છે.

# જૂનાગઢ એસટી ડેપોના ડ્રાઈવરને નિવૃત્તિ વિદાય સન્માન અપાયું





(તસ્વીરઃ જયેશ મહેતા)

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧

જૂનાગઢ એસટી ડેપોના ડ્રાઈવર જગદીશભાઈ મહેતા વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા તેમનાં વિદાય સન્માન સમારંભનું બ્રહ્મસમાજ તથા સાધુ સમાજ, એસટી કર્મચારી પારિવારિક સંગઠન દ્વારા એટીએસ ચેમ્બર ખાતે આયોજન કરવામાં આવેલ હતું. આ સમારંભમાં એટીએસ પરમાર, ટીઆઈ ભલાભાઈ, એટીઆઈ મંગલુભાઈ, કર્મચારી મંડળના પ્રમુખ ગભરૂભાઈ, દિલીપભાઈ રવૈયા, વી.કે. ભાદરકા, ગઢવીભાઈ, વિજયભાઈ, બીએમએસના હરપાલસિંહ, મજુર મહાજનના જીએસ પ્રફુલભાઈ, બ્રહ્મસમાજ, સાધુ સમાજના પંકજ પંડયા, સુભાષ મહેતા, હિતેષ મેસવાણીયા, મિથુન નિમાવત અને કેતન મહેતા વગેરે ઉપસ્થિત રહયા હતા.

# શ્રી લોહાણા મહાજન જૂનાગઢના ઉપક્રમે ૩૯ મો સમુહલગ્ન/યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧

શ્રી લોહાણા મહાજન જૂનાગઢના ઉપક્રમે આજે તા.૧-૬-૨૨ ના રોજ લોહાણા મહાજન વાડી ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે ૩૯ મો સમુહલગ્ન /યજ્ઞોપવિત કાર્યક્રમ સફળતા પુર્વક યોજાઈ ગયો હતો. આ પ્રસંગે ૫૧ બટુકોએ યજ્ઞોપવિત ધારણ કરી હતી. આ ઉપરાંત પ્રભુતામાં પગલા માંડનાર નવયુગલને ઉપસ્થિત મહાનુભાવોએ આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ દાતાઓનો અભિવાદન સમારોહ પણ આયોજીત થયો હતો. આ સમુહલગ્ન/ યજ્ઞોપવિત કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ મહેન્દ્ર મશરૂ, ઉપપ્રમુખ મનસુખભાઈ પોપટ, અશ્વિનભાઈ મણીયાર, રાજુભાઈ ભોજાણી, મહામંત્રી નંદલાલ ચોલેરા, પ્રોજેકટ ચેરમેન ટીમ દિપક રૂપારેલીયા, નિતીન તન્ના સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં આવતીકાલથી ત્રિદિવસીય ‘ક્ષેત્રમ’ ચિત્ર પ્રદર્શનનું આયોજન

જૂનાગઢ, તા. ૧

જૂનાગઢમાં ‘ક્ષેત્રમ’ ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગ્રુપ આર્ટ એક્ઝિબિશનને જિલ્લા કલેક્ટર રચિત રાજના હસ્તે આવતીકાલ તા.૦૨-૦૬-૨૦૨૨ના રોજ સાંજે ૬-૪૫ કલાકે ખુલ્લુ મુકવામાં આવશે. કાર્યશાળા સંસ્થાના સહયોગથી જૂનાગઢ મ્યુઝિયમના ઓપેરાહાઉસ ખાતે આયોજિત આ ગ્રુપ આર્ટ એક્ઝિબિશનમાં ગુજરાતના ૧૬ કલાના કસબીઓ દ્વારા તૈયાર કરાયેલા ચિત્રો પ્રદર્શીત કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના કુદરતી સૌંદર્ય અને લોક સંસ્કૃતિની થીમ ઉપર તૈયાર કરાયેલા આ ચિત્રો તા.૩,૪ અને ૫ જૂન સુધી જાહેર જનતા નિહાળી શકશે. એમ જૂનાગઢ સંગ્રહાલયના ક્યુરેટરે જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્રના નામાંકિત એડ એજન્સી એડમિરેકલનો એડવર્ટાઈઝીંગ એન્ડ બ્રાન્ડીંગ ક્ષેત્રે ૪૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧

જયારે કોઈપણ કંપની પોતાની પ્રોડકટ કે સર્વિસ લોન્ચ કરે છે તો તેમના માટે સૌથી અગત્યનું પરીબળ બ્રાન્ડિંગ અને માર્કેટીંગ છે. આનું મહત્વ સમજતા આજથી ૩૯ વર્ષ પહેલા ૧૯૮૩ની ૧ લી જુનો હરીશભાઈ પટેલે રાજકોટ શહેરમાં એડમિરેકલ એડવર્ટાઈઝીંગ એજન્સીનો શુભ પ્રારંભ કરેલ હતો. આજે એડમિરેકલ ગુજરાત અને કેનેડામાં એડવર્ટાઈઝીંગ અને બ્રાન્ડિંગની દુનિયામાં એક અગ્રેસર નામ છે. એડવર્ટાઈઝીંગ અને બ્રાન્ડિંગ ક્ષેત્રમાં એડમિરેકલ પાયાની ભૂમિકા ભજવનાર એક એવી એજન્સી છે જેણે સમય સાથે તાલ મેળવીને અનેક નામાંકિત કંપનીઓના નામને આજે માર્કેટમાં જાણીતા બનાવ્યા છે. ૩૬૦ ̊ બ્રાન્ડિંગ અને માર્કેટીંગ સર્વિસ દ્વારા કસ્ટમરને લોગો ડીઝાઈનથી લઈને ડિજીટલ અને નોન ડિજીટલ માર્કેટીંગ, ગોરીલા માર્કેટીંગ, બ્રાન્ડ આઈડેન્ટીટી ડેવલપમેન્ટ, ક્રિએટીવ અને ડિજીટલ માર્કેટીંગ સોલ્યુશન્સ, બ્રાન્ડિંગ સોલ્યુશન્સ, કોમ્યુનીકેશન, મિડીયા મેનેજમેન્ટ વગેરે વન સ્ટેપ સોલ્યુશન્સ આપનારી કદાચ વર્ષો જુની અને વિશ્વાસપાત્ર એડમિરેકલ એક માત્ર એડ એજન્સી હશે.

એડમિરેકલની વિશેષતા તેમના કલાયન્ટ પ્રત્યેનું ડેડિકેશન, માઈક્રો મિડીયા પ્લાનીંગ, બ્રાન્ડિંગ કરવા પહેલાનો ઠોસ અભ્યાસ, લાંબાગાળાના ધ્યેય અને સમર્પિત સ્ટાફ એ કંપનીનું જમા પાસુ છે. આજે જયારે ડિજીટલ મિડીયાનો પ્રભાવ અનેકગણો વધ્યો છે ત્યારે એડમિરેકલ હંમેશા બે કદમ આગળ રહયું છે એ પછી સોશ્યલ મિડીયા હોય, કોર્પોરેટ ફિલ્મ મેકીંગ હોય, વેબ કન્ટેન્ટ હોય અથવા ડિજીટલ પ્રમોશન હોય, એડમિરેકલ એક અગ્રેસર એડવર્ટાઈઝીંગ એજન્સી તરીકે નામના અને ચાહના મેળવી છે.


# રાજયસભાના સાંસદ અને શ્રી મારૂતિ કુરિયર સર્વિસીઝના ફાઉન્ડર રામભાઈ મોકરીયાનો આજે જન્મદિવસ

**સામાજિક ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધ અને જરૂરિયાતમંદ લોકોની સેવા માટે તત્પર રામભાઈનું જીવન સૌના માટે પ્રેરણાસમાન છે**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧

ભારતની કુરિયર ઈન્ડસ્ટ્રીમાં અગ્રીમ સ્થાન ધરાવતી શ્રી મારૂતિ કુરિયર સર્વિસના ફાઉન્ડર અને હાલ ગુજરાતથી રાજયસભાના સાંસદ એવા રામભાઈ મોકરીયાનો આજે પહેલી જૂને ૬૫મો જન્મદિવસ છે. બ્રહ્મસમાજના અગ્રણી અને ‘કર્મ એ જ ધર્મ’ સૂત્રને આત્મસાત કરનાર રામભાઈ તન, મન અને ધનથી સમાજસેવા અને રાષ્ટ્રસેવાના યજ્ઞને આગળ ધપાવી રહ્યા છે. યુવાનો જેવો તરવરાટ, સાદગીભર્યું જીવન અને સૌને મદદ કરવાની ભાવના તેમના જીવનને વ્યાખ્યાયિત કરે છે અને એટલે જ જીવનના ૬૫ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા હોવા છતાં યુવાનોને હંફાવે તેવા તરવરાટ સાથે સામાજિક અને રાજકીય જીવનમાં પ્રગતિશીલ છે.



જીવનમાં પોઝિટિવ વલણ, વર્તન અને વાણી હોય, કામ કરવાની નિષ્ઠા હોય, ઈશ્વરમાં અપાર શ્રદ્ધા હોય તો શું ન થઈ શકે, એનું જીવંત ઉદાહરણ છે ભારતભરની જાણીતી કુરિયર અને લોજિસ્ટિક કંપની શ્રી મારૂતિના સ્થાપક રામભાઈ મોકરીયા. ભાગવત કથાકાર પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝા કહે છે કે ‘‘કામ કરો ત્યારે તમે આસકત બનો અને ફળની વાત આવે ત્યારે વિરકત થઈ જાઓ.’’ આ વાત રામભાઈએ જાણે મંત્રની જેમ જીવનમાં ઉતારી છે.

એક કર્મયોગી સમાન રામભાઈ સૌના માટે પ્રેરણાસ્રોત બન્યા છે. અનેક તડકા-છાંયા જોઈને, અથાક પરિશ્રમથી મળેલી સફળતા અને કીર્તિને તેમણે પચાવી પણ જાણી છે. તેઓ જેટલા સફળ છે, એટલા જ સાહજિક પણ છે. નિઃસ્વાર્થભાવે સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત રહેવા ઉપરાંત પોતાના જીવનમૂલ્યોને જાળવી રાખીને વ્યવસાયિક જીવનમાં પણ સફળતા મેળવવી એ કંઈ નાનીસૂની વાત નથી.

રામભાઈ મોકરીયા સૌરાષ્ટ્રના જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના સામાજિક અગ્રણી છે. રાજ્યસભા સાંસદ તરીકેની જવાબદારી અંગે રામભાઈ કહે છે "મારા ઉપર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ભાજપ કેન્દ્રીય સંગઠને વિશ્વાસ મૂક્યો છે તેને હું ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું. રાજ્યસભાનો સભ્ય એ કોઈ ચોક્કસ મતવિસ્તારનો નહીં પરંતુ સમગ્ર રાજ્યનો પ્રતિનિધિ ગણાય. આ દ્રષ્ટિએ સૌરાષ્ટ્ર જ નહીં, સમગ્ર ગુજરાતના મહત્વના પ્રશ્નોના નિરાકરણ માટે હું સતત પ્રત્નશીલ રહીશ."

રામભાઈનો જન્મ ૧ જૂન, ૧૯૫૭ના દિવસે હાલના પોરબંદર જિલ્લાના ભડ ગામે થયો હતો. તેમણે બેચલર ઓફ આર્ટ્સ અને એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો. ૧૯૭૬થી એટલે કે યુવાવસ્થાથી જ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને ૧૯૭૮થી જનસંઘમાં ત્યારબાદ તેઓ ભાજપમાં સક્રિય છે. પોતાની જન્મભૂમિ પોરબંદર જિલ્લાના સમાજના જરૂરિયાતમંદ પરિવારો માટે રામભાઈનો સેવાયજ્ઞ સતત ૧૫ વર્ષથી વિવિધ રૂપે સતત ચાલુ છે જેમાં રાશન કિટ, નોટબુક વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન અને સહાય, મેડિકલ ખર્ચ પૂરો પાડવો જેવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

પોરબંદર વિસ્તારના બ્રહ્મસમાજમાં રોજગારીની અછત અને બિઝનેસ માટે જૂજ તકો વચ્ચે રામભાઈ મોકરીયાએ ૧૯૮૫થી આજ પર્યંત કુરિયરમાં સેંકડો યુવાનોનું હીર પારખી, તેમની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી આર્થિક રોકાણ કે જોખમ વગર ‘બ્રાન્ડેડ બિઝનેસ’ની એક સુવર્ણ તક આપી છે. આ યુવાનોને શ્રી મારૂતિ કુરિયર સર્વિસ પ્રાઈવેટ લિમિટેડની સાથે જોડી તેમને બિઝનેસની પ્રોફેશનલ ટ્રેનિંગ આપી ભારતના મેટ્રો સિટીમાં બિઝનેસમેનનું સ્ટેટસ અપાવ્યું છે. આજે તેમના સંતાનો વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને આગળ વધી રહ્યા છે. શ્રી મારૂતિ કુરિયર સર્વિસના ચેનલ પાર્ટનરની નવી જનરેશન વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરીને નવા વૈશ્વિક પ્રવાહો સાથે તાલ મિલાવવા સક્ષમ છે. ભવિષ્યમાં તેમના પરિવાર, જ્ઞાતિ અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપશે.

શ્રી અબોટી બ્રહ્મસમાજનો પરંપરાગત વ્યવસાય ખેતીનો હતો. ‘કુરિયર સર્વિસ’ને શ્રી અબોટી બ્રહ્મસમાજનો મુખ્ય બિઝનેસ બનાવીને પોતાના સમાજની કાયાપલટ કરવામાં રામભાઈની મુખ્ય ભૂમિકા છે. શ્રી અબોટી બ્રહ્મસમાજમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ક્રાંતિના નિર્માણનું શ્રેય આપવું હોય તો રામભાઈ મોકરીયા તેના સાચા હકદાર છે.

રામભાઈએ સમાજ સેવાને હંમેશા પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. તેઓ માનવસેવા એ જ પ્રભુસેવા અને દેશસેવા એ જ કર્તવ્યના સૂત્રોને પ્રાધાન્ય આપી રહ્યા છે. સમાજના તમામ વર્ગોની સમસ્યાઓ દૂર કરવામાં, તેમને મદદરૂપ થવામાં અને ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ના સૂત્રને સાર્થક કરવા માટે તેઓ પ્રતિબદ્ધ છે. રામભાઈને ભારતભરના પક્ષના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને શ્રી મારૂતિ કુરિયરના ભારતભરમાં વિસ્તરેલ ૨૦૦૦૦ કર્તવ્યનિષ્ઠ સભ્યોના વિશાળ પરિવાર, મિત્રવર્તુળ, કોર્પોરેટ જગતના માંધાતાઓ, બિઝનેસ એસોસિયેટ્સ, ગ્રાહકો, શુભેચ્છકો અને વડીલો તરફથી તેમને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

# ગર્લ્સ હાઈસ્કુલ કોડીનારની દિકરીઓએ રાજય કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો



(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર, તા.૧

ખેલમહાકુંભ રસ્સાખેંચ સ્પર્ધા ૨૦૨૨ માં ભાવનગર મુકામે રમાયેલ રાજય કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, કોડીનારની દિકરીઓની બંને ટીમ જેમાં અંડર ૧૭ તથા ઓપન ટીમે રાજય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવીને કોડીનાર તાલુકા અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ પ્રસંગે શાળાના આચાર્યા નીમુબેન ચાવડા, કોચ રણજીતભાઈ રાઠોડ તથા મેનેજર જગમલભાઈ જાદવ ટીમને અભિનંદન પાઠવે છે અને રાષ્ટ્રીય કક્ષાએ પણ ટીમ સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# કોલસાની તંગીથી દેશમાં ઓગસ્ટમાં ફરી વીજસંકટ સર્જાવાની દહેશત

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા. ૧

રિસર્ચ ઈન્સ્ટિટયૂટ સીઆરઈએ પોતાના રિપોર્ટમાં ચેતવણી આપી છે કે, દેશમાં ફરી એકવાર વીજળીનું સંકટ ઘેરી બની શકે છે. જુલાઈ-ઓગસ્ટમાં આવી કટોકટી સર્જાવાની શક્યતા છે. સીઆરઈએ પણ જણાવ્યું છે કે, આવી સ્થિતિના કારણો શું હશે દેશમાં વીજળીનું સંકટ ફરી એકવાર ઘેરી બની શકે છે. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સીઆરઈએ અનુસાર જુલાઈ-ઓગસ્ટમાં વધુ એક પાવર કટોકટી સર્જાવાની શક્યતા છે. સીઆરઈએ કહ્યું છે કે, દેશના થર્મલ પાવર પ્લાન્ટ્સમાં પ્રી-મોન્સૂન કોલસાના સ્ટોકમાં ઘટાડો થવાને કારણે આવી સ્થિતિ ઊભી થઈ શકે છે. હાલમાં, પીટહેડ પાવર સ્ટેશન ઉપર કોલસાનો સ્ટોક ૧૩.૫ મિલિયન ટન છે જયારે દેશમાં તમામ પાવર પ્લાન્ટ્સમાં ૨૦.૭ મિલિયન ટન છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ કલીન એર દ્વારા અધિકૃત સ્રોતોમાંથી એકત્રિત કરવામાં આવેલ ડેટા દર્શાવે છે કે, કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સ વીજળીની માંગમાં સામાન્ય વધારાને પણ ટકી શકે તેવી સ્થિતિમાં નથી.

# માણાવદર રેલ્વે સ્ટેશનથી ત્રણ ખુણીયા રોડનું કામ ૬ મહિનાથી અધુરૂં

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧

માણાવદર રેલ્વે સ્ટેશનથી ત્રણ ખુણીયા રોડ સુધી છ મહિના પહેલા રૂા.૧ કરોડના ખર્ચે પાલિકા દ્વારા કામ મંજુર થયેલ હતો ત્યારે નબળી કામગીરીનો વિરોધ થતા કામ બંધ થયેલ છે. જેને છ મહિના જેવો સમય વિતી જવા છતાં આ રોડનું કામ અધુરૂં પડેલ છે.

માણાવદર પાલિકાના પુર્વ પ્રમુખ નિર્મળસિંહ ચુડાસમાએ સ્ટેશન પ્લોટના નાગરીકો સાથે કચેરીએ સુત્રોચ્ચાર સાથે આવેદનપત્ર પાઠવેલ છે જેમાં જણાવેલ છે કે, એસ્ટીમેટ મુજબ પાણી છાંટીને રોલ ફેરવેલ નથી અને નિયમો અનુસાર કાંકરી પાથરેલ નથી, એક ગાળામાં ૧૪ થી ૧૫ થેલી નાખવાની હોય છે તેના બદલે ૪ થેલી વાપરતા કામ નબળું હોવાથી વિરોધ થતા કામ બંધ થયેલ હતું. જેથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી ચોમાસા પહેલા આ રસ્તાનું કામ નિયમ મુજબ પુર્ણ કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

ખબર નહી કયારે, કોને સાથે, કયાં મુલાકાત થઈ જાય ?



તને યાદ છે આ એ જ બ્રાંન્ચ મેનેજર છે જેણે આપણી એજયુકેશન લોન રીજેકટ કરી હતી !!!!

# જૂનાગઢ : સીમલા- મનાલી ટૂરનાં આયોજનનાં બહાને રૂા. ૯૨,૧૦૦ની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢમાં નવી કલેકટર કચેરી રોડ, શ્રીધરનગર સોસાયટી બ્લોક નં.૩૮માં રહેતા ડો. નિલેશકુમાર ડાયાભાઈ ઢોલરીયા (ઉ.વ.૩૪)એ અમિતભાઈ દિલીપકુમાર મારસોણીયા રહે. મુળ ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટી, જાગનાથ પ્લોટ, ભાયાવદર હાલ તીર્થ ટુરીસ્ટનાં નામે વશિષ્ઠા મનાલી જી. કુલ્લુ સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીએ સીમલા-મનાલીનાં ટૂર પેકેજનાં નામે ફરીયાદી તથા સાહેદ ડો. ઈતેશકુમાર ભુપતભાઈ કાપડીયા સાથે ફોન ઉપર વાતચીત કરી વિશ્વાસમાં લઈ ટૂર તથા હોટલ માટેનાં રૂા. ૯૨,૧૦૦ ઓનલાઈન મેળવી લઈ જે રૂપિયા પરત નહી આપી તેમજ સીમલા -મનાલી ટૂરનું આયોજન નાહી કરી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢની પરિણીતાને સાસરીયાએ મારકુટ કરી પાંચમાં માળેથી ફેંકી દેવાની ધમકી આપી : અમદાવાદી પતિ અને સાસુ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢની એક પરિણીતાને સાસરીયાએ મારકુટ કરી અને પાંચમાં માળેથી ફેંકી દેવાની ધમકી આપી હોવાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે. હાલ જૂનાગઢમાં એમ.જી. રોડ સ્થિત મજમુદારનાં ડેલામાં રહેતા ૪૦ વર્ષીય દિશાબેનનાં લગ્ન વર્ષ ૨૦૧૭માં અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતાં રચિતભાઈ અશ્વિનભાઈ ધોળકીયા સાથે થયેલ. પરંતુ પતિ રચિત કોઈપણ જાતના ઘર સંસાર બાબતે સંબંધો રાખતા ન હોય આથી દિશાબેને આ અંગે પતિ રચિતને પુછયું હતું. પરંતુ રચિતભાઈને પત્નીની વાતનું સારૂ નહિ લાગતાં તેણે તેની માતાને વાત કરતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતાં. બાદમાં મા-દિકરાએ પ્રેરણાબેનને મારકુટ કરી અને એપાર્ટમેન્ટનાં પાંચમાં માળેથી ફેંકી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહિ પતિ-સાસુએ દુઃખ ત્રાસ આપી માવતરેથી પૈસા લાવવાનું કહેતા રૂા.૧.૨૫ લાખ લાવી આપવા ઉપરાંત દવાખાનાનો ખર્ચ પણ આપવા છતાં દિશાબેનને પહેરેલ કપડે કાઢી મુકયા હતાં. આ અંગે દિશાબેનની ફરીયાદનાં આધારે જૂનાગઢ મહિલા પોલીસે કાર્યવાહી કરી હતી. વધુ તપાસ પી.આઈ. કે.ડી. કરમટા ચલાવી રહ્યા છે.

# નાયબ પોલીસ અધિક્ષક બિન હથિયારી વર્ગ-૧ સંવર્ગમાં નિમણુંક અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા. ૧

તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં આખરી પરીણામ અન્વયે સામાન્ય વહીવટી વિભાગનાં ૨૫-૨-૨૦૨૨નાં પત્રથી ગૃહ વિભાગની નાયબ પોલીસ અધિક્ષક બિન હથિયારી વર્ગ-૧ની જગ્યા ઉપર નિમણુંક માટે કુલ-૨૦ ઉમેદવારોની ફાળવણી કરવામાં આવી હતી જે પૈકી ૧૯ ઉમેદવારોને નાયબ પોલીસ અધિક્ષક વર્ગ-૧માં નીમણુંક આપવામાં આવી છે. જેમાં જૂનાગઢ જીલ્લાનાં માળીયા ખાતે રહેતા તપનકુમાર વાલાભાઈ ડોડીયાની નિમણુંક થઈ છે. આ ઉપરાંત ગીર સોમનાથ જીલ્લાનાં ઉના તાલુકાનાં થાપટ ગામનાં કુ. રીમાબેન ઉદયસિંહ ઝાલાની પણ નાયબ પોલીસ અધિક્ષક બિન હથિયારી વર્ગ-૧ સંવર્ગમાં નિમણુંક થઈ છે.

# માણવદરમાં હુમલો : માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

માણાવદરમાં ગાયત્રી મંદિરની પાછળ કામદાર સોસાયટીમાં રહેતા ગોપાલભાઈ ભીખુભાઈ રાઠોડ (ઉ.વ.૩૦)એ અજયભાઈ મગનભાઈ ચૌહાણ, સાગરભાઈ હરસુખભાઈ ચૌહાણ, મનોજ દિલીપભાઈ ચૌહાણ, વિજય રતિલાલ ચૌહાણ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદીનો આરોપી નં.૧નાંએ લોખંડનાં પાઈપ વડે માથાના ભાગે એક ઘા મારી તથા આરોપી નં.૨,૩,૪નાંઓએ લાકડી વડે માર મારેલ તેમજ સાહેદ ગોવિંદભાઈ ભનુભાઈ પરમારને પણ લોખંડનાં પાઈપ વડે માર મારેલ અને ફરીયાદીનાં માથાનાં ભાગે ઈજા કરી આરોપી નં.૧નાએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવ બસસ્ટેશનની સામે રાવલવાસ ખાતે બન્યો હોવાનું ફરીયાદમાં દર્શાવેલ છે.

# જૂનાગઢમાં એકટીવાએ ઠોકર મારતા ઈજા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢમાં મોતીબાગ રોડ ઉપર આવેલ ગીરનાર હાઈટસ-૧ બ્લોક નં. બી-૫૧૨માં રહેતા મુંજાભાઈ ખીમાભાઈ ચુડાસમા (ઉ.વ.૬૨) નિવૃત પોલીસ કર્મચારી પોતાની મોટર સાયકલ લઈને મોતીબાગ રોડ, કાલરીયા સ્કુલ પાસેથી રોડ ક્રોસ કરવા જતાં તે વખતે અજાણ્યા એકટીવા મોટર સાયકલની ચાલક છોકરીએ પોતાની એકટીવા પૂરઝડપે અને બેફિકરાઈથી અથડાવીનો ફરીયાદીને પાછળથી ઠોકર મારી અને ફરીયાદીની મોટર સાયકલ સાથે નીચે રોડ ઉપર પછાડી દઈ શરીરે તેમજ કમરનાં ગોળાના ભાગે મુંઢ ઈજા કરી નાસી ગયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડાલ નજીક ટ્રકમાં સુતેલ ડ્રાઈવર તથા કલીનરનાં મોબાઈલ ચોરનાર ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

જૂનાગઢથી વડાલ ગામથી ચોકી તરફ જતાં રસ્તે આવેલ ગણેશ મિલનાં પાર્કીંગમાં વિજયભાઈ ગોવિંદભાઈ ચાવડાનાં ટ્રક નં. જીજે-૧૧-વીવી ૧૫૪૩માં મંગલપુરથી ઘઉં ભરી ગણેશ મિલમાં ખાલી કરવા ગયેલ ત્યારે મિલ બંધ થઈ જતાં આઈસર ડેકીમાં ફરીયાદી અને સાહેદે મોબાઈલ રાખી સુઈ ગયા હતાં. દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે આઈસર ટ્રકનાં દરવાજાનાં કાચ તોડી મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂા. ૩૬૯૮૯નાં ચોરી થયાની પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે બાતમીનાં આધારે અલ્લારખા નુરાભાઈ લાડક (રહે. વંથલી) તથા તેનો જમાઈ હાજીભાઈ દાઉદભાઈ મોરી (રહે બજેડા, તા. ધંધુકા)ને ઝાલણસર ગામનાં પુલ પાસેથી ઝડપી લઈ અંગજડતીમાંથી મોબાઈલ ફોન-૨ કિં. રૂા. ૩૬૯૮૯નામળી આવતાં તમામ મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી અર્થે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનને સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ એચ.આઈ. ભાટી, પ્રકાશભાઈ ડાભી, દિપકભાઈ બડવા, દિવ્યેશકુમાર ડાભી વગેરે સ્ટાફ જોડાયેલ હતો.

# પ્રમુખસ્વામિ મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે બી.એ.પી.એસ. બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા યોજાયું વ્યસન મુકિત અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાન





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામિ મહરાજનું શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. દિલ્હી અને ગાંધીનગર સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ અક્ષરધામનાં રચયીતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામિ મહારાજનું જીવનસૂત્ર હતું 'બીજાનાં ભલામાં આપણું ભલું છે, બીજાનાં સુખમાં આપણું સુખ છે.' આ જ જીવનભાવના સાથે તેઓએ પોતાનાં જીવનકાળ દરમ્યાન ૪૦ લાખથી વધુ લોકોને વ્યસનમુકત કર્યા હતા. તેમની પ્રેરણાથી બીએપીએસ સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ૧૫ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન થયું છે. વીજળી અને પાણીની બચત માટે તેઓએ પોતાનાં જીવન દ્વારા અનેકને પ્રેરણાઓ આપી છે. આવા વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામિ મહારાજનાં શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અને ભારતની આઝાદીનાં અમૃત મહોત્સવ ઉપક્રે બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની બાળ-બાલિકા પ્રવૃત્તિ દ્વારા વ્યસનમુકિત અભિયાન અને પ્રકૃતિ સંવર્ધન અભિયાનનું આયોજન મે મહિનામાં કરવામાં આવ્યું હતું. પ્રગટ ગુરૂહરિ મહંતસ્વામિ મહારાજની આજ્ઞાથી બીએપીએસ સંસ્થાનાં ૧૬,૦૦૦ બાળકોનું ૪૨૦૦ વૃંદ ઉનાળુ વેકેશનમાં વ્યસનમુકિત અભિયાનમાં જોડાયા હતા. ઘર, દુકાન, ઓફીસ, બસ સ્ટેશન, જાહેર સ્થળો વગેરે જગ્યાએ ફરીને આ બાળકોએ ૧૪ લાખ જેટલા લોકોનો વ્યકિતગત સંપર્ક કર્યો હતો. દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ વ્યસનથી થતા નુકશાનની વિગતવાર સમજૂતી લોકોને આપી હતી. તા.૮ મેથી ૨૨ મે દરમ્યાન યોજાયેલ આ અભિયાનમાં બાળકોએ કરેલા વિનામ્ર પ્રયાસનાં પરિણામે દેશભરનાં ૪ લાખ વ્યકિતઓએ આજીવન વ્યસનમુકત રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ઉપરાંત ૧૦ લાખ જેટલા લોકોએ અન્યને વ્યસનમુકત કરવાનો સંકલ્પ કર્યો હતો. વ્યસનમુકિત અભિયાનની સમાંતર બીએપીએસ સંસ્થાની ૧૪,૦૦૦ બાલિકાઓનાં ૩૩૦૦ વૃંદ દ્વારા સમગ્ર દેશમાં પ્રકૃતિ સંવર્ધન અભિયાન યોજાયું હતું. દેશભરમાં યોજાયેલ આ અભિયાનમાં બાલિકાઓએ ઘરે ઘરે જઈને ૧૨ લાખ જેટલા લોકોને મુખ્ય ત્રણ સંદેશ આપ્યા હતા. ૧. પાણી બચાવો, ૨. વીજળી બચાવો, ૩. વૃક્ષ વાવો. આ ત્રણેય સંદેશ માટે લોકો કેવા કેવા પગલાઓ ભરી શકે તે માટે બાલિકાઓએ સૌને માર્ગદર્શન અને પ્રેરણાઓ આપી હતી. સતત ૧૫ દિવસ ચાલેલા આ અભિયાનનાં પરિણામે ૧૦ લાખ લોકો પાણી-વીજળીનાં બચાવ માટે અને ૬ લાખ લોકો વૃક્ષોનાં વાવેતર અને જતન માટે કટિબધ્ધ થયા હતા. સાથો સાથ અન્યને પણ પ્રકૃતિ સંવર્ધનાની પ્રેરણા આપવા માટેનો સૌએ સંકલ્પ કર્યો હતો. સમગ્ર ભારતનાં વિવિધ શહેરોમાં યોજાયેલ આ અભિયાન જૂનાગઢ શહેર-ગામમાં પણ યોજાયા હતા. જેમાં ૫૦ બાળકો અને ૧૪૦ બાલિકાઓએ કુલ ૨૧,૫૦૦ વ્યકિતઓનો સંપર્ક કર્યો હતો.

# ઓનલાઈન સામાન ટ્રાન્સપોર્ટેશનનાં બહાને બેંક ફ્રોડમાં ગુમાવેલ રૂા. ૨૫ હજાર પરત અપાવતી એસઓજી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧

વિસાવદરની એક કોન્ટ્રાકટર પેઢીનો તા. ૫-૪-૨૨નાં રોજ પોતાનાં ઈલેકટ્રીક કેબલ સામાન કચ્છમાં કોન્ટ્રાકટ પુરો થતાં ત્યાં પડેલ હોય અને ત્યાંથી અન્ય રાજયમાં મોકલવા માટે એક ટ્રાન્સપોર્ટ કંપનીનો સંપર્ક નંબર ગુગલ ઉપરથી સર્ચ કરીનો વાતચીત કરતાં સામેવાળાએ જણાવેલ કે સામાન માટે ગાડી આવી જશે અને અડધુ પેમેન્ટ એડવાન્સમાં મોકલવું પડશે. જેથી અરજદારે સામેવાળાનાં મોબાઈલફોન નંબર ઉપર ગુગલ પે મારફત રૂા. ૩૫ હજાર જમા કરાવેલ ત્યારબાદ સામેવાળાએ સામાન માટેની ગાડી મોકલેલ નહીં અને મોબાઈલ ફોન પણ બંધ કરી દીધેલ હતો. જેથી અરજદાર સાથે ફ્રોડ થતાં જૂનાગઢ જીલ્લા સાયબર સેલમાં ફરીયાદ કરતાં એસઓજીએ દિલ્હી ખાતે રૂા. ૨૫ હજાર ટ્રાન્સફર થયેલ હોવાનું જણાતા બેંક મેનેજરનો સંપર્ક કરી રૂા. ૨૫ હજાર અરજદારનાં બેંક ખાતામાં રીફન્ડ કરાવેલ હતાં.

આ કામગીરીમાં એસઓજીનાં પીઆઈ એ.એમ. ગોહીલ, પીએસઆઈ એમ.જે. કોડીયાતર, દિપકભાઈ જાની, બ્રિન્દા એસ. ગીરનારા, કુનાલસિંહ પરમાર, માનસીંગભાઈ રાઠોડ, રવીરાજસિંહ વાળા વગેરે સ્ટાફ જોડાયેલ હતો.

# બિલખા : ઉલ્ટી અને ચક્કર આવતા સારવાર દરમ્યાન મૃત્યું

જૂનાગઢ તા. ૧

બિલખા રેલ્વે સ્ટેશન સામે સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રહેતા દિપકભાઈ રમણીકભાઈ મકવાણા (ઉ.વ.૩૮)ને ઉલ્ટી થતી હોય અને ચક્કર આવતા તેને સારવારમાં લઈ જવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે.



ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

૧૫ વર્ષનો અનુભવ ધરવાતાં... વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, K.S.T., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ, મસા, ફિશર, ભગંદર ઓપરેશન વગર આયુર્વેદ પદ્ધતિથી સારવાર...
વા-સાંધાના સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીના રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર....
સમય :- સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી... આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નવરાત્રી મહીના નિમિતે શુધ્ધ ગાયનું ઘી આવી ગયેલ છે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેક્શન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ
ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

પવિત્ર રમઝાન મહિના નિમિત્તે
બ્રેડ, પાવ તથા નાન રોટી એકદમ તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
વંદના બેકરી
તળાવ દરવાજા
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨


Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 143, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India